કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
તા.૦૨ મે, ૨૦૨૪ ગુરૂવાર
E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય

કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

♦અંક નંબર : ૨૯૪♦વર્ષ : ૩૦ ♦પાના - ૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦RNI No. 54972/94♦ સંવત ૨૦૮૦ ♦ચૈત્ર વદ - ૯ ♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## વલ્લભવિદ્યાનગરમાંથી પીએમનો હુંકાર : અબ કી બાર ૪૦૦ કે પાર

# વિકસીત ભારત માટે ગુજરાતનો વિકાસ જરૂરી

**વલ્લભવિદ્યાનગરમાં વડાપ્રધાને વિશાળ જનસભાને કર્યુ સંબોધન : ગુજરાત પ્રવાસનો બીજો દીવસ : પીએમનો પ્રચંડ પ્રહાર : મોદી વિપક્ષ પર બરાબરના વરસ્યા : મોદીની ગેરંટી, રામમંદિર, ભારતને વિશ્વની સૌથી મોટી ત્રીજી અર્થવ્યવસ્થા તરીકે સ્થાપિત કરવી, વિકસીત ભારત સહિતના વિષયો પર મોદીએ કરી છણાવટ**







ગાંધીનગર : લોકસભાની ચુંટણીમાં ગુજરાતમા મતદાનને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત રોજ બનાસકાંઠા બેઠક પરના ઉમેદવારના સમર્થનમાં પ્રચાર વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતુ. દરમ્યાન જ આજ રોજ વડાપ્રધાને વલ્લભ વિદ્યાનગરમાં પ્રચારને વેગવાન બનાવ્યો છે. આજ રોજ વલ્લભવિદ્યાનગર ના શાસ્ત્રી મેદાનમાં વડાપ્રધાને આજ રોજ જનમેદનીને સંબોધન કર્યુ હતુ. આજ રોજ વડાપ્રધાનશ્રીએ અહી કરેલા ઉદબોધનમાં વિપક્ષને તેઓએ બરાબરના આડેહાથ લીધા હતા. ભાજપની વિકાસ ગાથાઓ વર્ણવી અને ભવિષ્યમાં વિકસીત ભારત માટે વિકસીત ગુજરાત, ભારતને વિશ્વની સૌથી મોટી ત્રીજી અર્થવ્યવસ્થા બનાવવા, આતંકીઓને ઘરમાં ઘુસીને મારવાની કાર્યવાહીઓ, સ્થાનિક માળખાગત વિકાસના કામોને લઈને પણ મોદીએ વિશેષ છણાવટ આજ રોજ કરી હતી.આજ રોજ અહી પીએમ મોદીએ ઉદબોધન કરતા કહ્યુ હતુ કે, હું ગુજરાતમાં ઘણા વરસો સુધી સીએમ તરીકે આપ સૌની સેવા કરતો રહ્યો હતો. એ પહેલા પણ પાર્ટીના સંગઠન કામ માટે ગુજરાતમાં અનેક વરસો સુધી કામ કરતો રહ્યો હતો. મે ગુજરાતમાં ચૂંટણીઓ લડાવી પણ ખરી અને ચુંટણી લડી પણ ખરી. સભાઓ કરી અને રેલીઓ પણ કરી છે. પરંતુ આજે મારે કહેવુ પડશે કે આપણે ત્યા ગુજરાતમાં ૧૧-૧૨ વાગ્યા પહેલા જો કોઈ સભા કરવી હોય તો લોઢાના ચણા ચાવવા પડે. બધાય એમ જ કહે કે સાંજે જરાક ઠંડક થાય ત્યારે રાખજોને. મારા માટે આજે આશ્ચર્ય છે કે, આણંદનુ આ વિરાટ કેસરીયા સાગર. મને લાગે છે કે આણંદે આજે બધા જ રેકૃડ તોડયા છે. આ ચૂટણીમાં પણ આણંદ અને ખેડા બધા જ રેકર્ડ તોડશે. ૨૦૧૪માં આપે સૌ મને દેશની સેવા કરવા માટે મોકલ્યો હતો. ૨૦૪૭મા વિકસીત ભારત માટે વિકસીત ગુજરાતની રચના કરવી અનિવાર્ય છે. અને તે આણંદ-ખેડાના લોકોને શીખવાડવુ ન પડે. મે દેશને ગેરંટી આપી છે કે ૨૪ કલાક સાત દીવસ ૨૦૪૭ માટે હુ સળંગ કામ-સેવા કરતો જ રહીશે. આ મહાન કામ માટે ૧૪૦ કરોડ દેશવાસીઓના સપના પુરા કરવા માટે મને આપ સૌના આર્શીવાદ જોઈએ છીએ. મને સરદાર સાહેબની ભુમીના આર્શીવાદ જોઈએ છે. મોદીએ આ તકે કહ્યુ કે જયારે કોંગ્રેસે સત્તા છોડી ત્યારે દેશ ૧૧માં નંબરના અર્થક્ષેત્રે હતુ, પરંતુ પાછલા ૧૦ વર્ષમાં અમે દેશના અર્થતંત્રને ૧૧માંથી પાંચમા નંબર પર પહોચાડી દીધુ છે. આપ સૌના આર્શીવાદ મારા જીવનની મોટી મુડી છે.

### કોંગ્રેસને મારા આ 3 પડકાર છે, શહેઝાદા હિંમત હોય તો આવી જાવ મેદાનમાં..!

**મોદીએ શહઝાદા અને મીડીયાને આપ્યો લલકાર : મોદીએ કહ્યુ કે, હું જેમ પડકાર બોલુ છુ તે જ શબ્દોમાં મીડીયા પ્રસિદ્ધ કરી દેખાડે**

**૧.** કોંગ્રેસ અને તેમના ચટ્ટા-બટ્ટા દેશને લેખિતમાં ગેરંટી આપે કે, સંવિધાન બદલીને ધર્મના આધાર પર મુસલમાનોને અનામત નહીં આપે-દેશને વહેચવાનું કામ નહી કરે

**૨.** કોંગ્રેસ દેશને લેખિતમાં આપે કે, એસસી-એસટી ઓબીસીને મળનારા આરક્ષણનો અધિકાર નહી ઝુંટવે-લુંટ નહી ચલાવે

**3.** કોંગ્રેસ દેશને લેખિતમાં ગેરંટી આપે કે જે-જે રાજયમાં કોંગ્રેસની અને તેમના સાથીઓની સરકાર છે તેઓ કદાપિ વોટબેંકની ગંદી રાજનીતી નહી કરે, પાછલા બારણેથી ઓબીસીના કવોટા કાપીને મુસલમાનોને અનામત નહી આપે

### મોદીના અભિભાષણના મુખ્ય અંશ

**૧.** ખેડા અને આણંદ ગુજરાતમાં બધાય રેકોર્ડ તોડશે **૨.** મે ગુજરાતમાં સીએમ પદે અનેક વરસો સુધી સેવા કરી છે **3.** આણંદમાં જયા જુઓ ત્યાં કેસરીયો સાગર દેખાય છે **૪.**ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ કરીએ **૫.** ૨૦૪૭માં હિન્દુસ્તાન વિકસિત ભારત બનવુ જોઈએ અને આપણુ ગુજરાત પણ વિકસીત ગુજરાત હોવું જોઈએ **૬.** મારી દરેક ક્ષણ દેશની સેવા માટે સમર્પિત છે : કોંગ્રસે દેશ પર ૬૦ વર્ષ રાજ કર્યુ, પરંતુ તે વખતે ૬૦ ટકા લોકોના ઘરે શૌચાલયો ન હતા : કોંગ્રેસે માત્ર ૩ કરોડ લોકોના ઘરે પાણી પહોચાડયુ, અમે ૧૪ કરોડ લોકોના ઘરમાં નળથી જળનુ જોડાણ આપી દીધુ - કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લીમ લીગની છાપ દેખાય છે - કોંગ્રેસે હવે સંપૂર્ણ જનાધાર ગુમાવી દીધો છે - કોંગ્રેસ આજે નકલી માલની ફેકટરી બની ગઈ છે - મહોબ્બત કી દુકાન એ ફેક ફેકટરી છે- પાકીસ્તાન અને કોંગ્રેસ વચ્ચે પાર્ટનરશીપ છે : ગરીબ અને ઓબીસી સમુદાયને કોંગ્રેસે જાકારો આપ્યો છે : કોંગ્રેસે આદીવાસીઓના નામે ફકત રાજકારણ જ કર્યુ : કોંગ્રેસે એસસી-એસટી અને ઓબીસીને સદાય અંધારામાં રાખ્યા : ધર્મના નામે અનામતનો લાભ નહી અપાય તે મોદીની ગેરંટી છે.

### મોદીના પડકારને શકિતસિંહ ગોહીલનો જવાબ



**જેને કમળો થયો હોય તેને બધું પીળું જ દેખાય : પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ**

ગાંધીનગર : આજ રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વલ્લમવિધાનગરમાં જાહેરસભાને સંબોધન કર્યુ હતુ અને કોંગ્રેસને ત્રણ પડકારો ફેકયા હતા. તેનો જવાબ આપતા કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શકિતસીહ ગોહીલે કહ્યુ કે, અમે બંધારણમા કોઈ ફેરફાર નથી કર્યા. લેખિતમાં એ લોકો આપે કે જેનો ભુતકાળ ખરડાયેલો હોય. બંધારણ જ કોંગ્રસે બનાવ્યું છે. અમારૂ લેખિતમાં હોય કે લોકોના દિલમાં લખાયલે છે.

### મોદીની એન્ટ્રીથી મેદાન શાંત થયું : ૪૫ રાજવીઓએ ભાજપને આપ્યું સમર્થન : રાષ્ટ્રહિત માટે લીધો નિર્ણય



(એજન્સી દ્વારા) નવી દીલ્હી : પીએમ મોદીની એન્ટ્રીથી ગુજરાતમાં મેદાન શાંત થયું છે તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આજે સૌરાષ્ટ્ર ગુજરાતના ૪૫ જેટલા રાજવીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સમર્થન કર્યું છે. આજે રાજકોટના રણજીત વિલાસ ખાતે રાજવીઓની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ભાજપને સમર્થન જાહેર કરાયું છે. આજે રાજકોટના રણજીત વિલાસ પેલેસ ખાતે ચિંતન શિબિર મળી હતી. રાષ્ટ્રવાદ મુદ્દે ચિંતન બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં સૌરાષ્ટ્રના ૪૫ જેટલા રાજવીઓ એકઠા થયા હતા. કચ્છના રાજમાતા, ભાવનગરના રાજવી, ગોંડલના હિમાંશુસિંહજી સહિતના રાજવીઓએ પોતાના મંતવ્ય રજૂ કરાયા હતા. આ ચિંતન શિબિરના અંતે પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીને સમર્થન આપવાની જાહેરાત કરાઈ હતી.

પ્રેસ કોન્ફરન્સમાં કહેવાયું હતું કે, આપણા રાજવીઓ જે પ્રમાણે જે વિઝનથી કાર્ય કરતા હતા તે જ પ્રમાણે મોદી કરી

અનુસંધાન પાના નં.૪ પર

### પ્રચારનો અંતિમ તબક્કો : ગુજરાતમાં દિગ્ગજો નાખશે પડાવ





ગાંધીનગર : લોકસભાની ચૂંટણીનો ગુજરાતમાં અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. એકતરફ વડાપ્રધાન મોદી બે દીવસ અહી સભાઓ ગજવી રહ્યા છે તે વચ્ચે જ હવે અરવિંદકેજરીવાલના પત્તી સુનીતા કેજરીવાલ ગુજરાતમા પ્રચારર્થે પધારી રહ્યા છે. તેઓની સાથે જ કોંગ્રેસના દિગ્ગજ અશોક ગેહલોત પણ ગુજરાત આવી રહ્યા છે. અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા પણ બે દીવસ અહી પડાવ નાખશે. એકંદરે હવે ગુજરાતનો રાજકીય પ્રચાર તબક્કો ટોપગીયરમાં આવી ગયો છે.

## વધુ મતદાન-વહેલુ મતદાન કરાવજો : ગુજરાત ભાજપને મોદીનો જીતમંત્ર

**કમલમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રદેશ ભાજપનો લીધો કલાસ**



ગાંધીનગર : ગુજરાત ચુંટણી પ્રવાસે આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ગુજરાતની પાંચ લોકસભા બેઠકોને આવરી લેતી જાહેર સભામાં ભાજપના પ્રચારને એક નવી ઉંચાઈએ પહોંચાડયા પછી આજે તેઓ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર-જુનાગઢ અને જામનગરમાં પણ સભાને સંબોધી રહ્યા છે તે પુર્વે કાલે સાંજે તેઓ ગાંધીનગરમાં રાત્રી રોકાણ કર્યુ હતું અને ગુજરાત ભાજપના વડામથક ‘કમલમ’ પહોંચ્યા હતા.

શ્રી મોદી છેલ્લે વિધાનસભા ચૂંટણી સમયે પણ તેમના જ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં નિર્મિત થયેલા આ પ્રદેશ વડામથકની મુલાકાતે પહોંચ્યા હતા અને કાલે તેઓ પહોંચ્યા તે સમયે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તથા પ્રદેશ અગ્રણી શ્રી સુરેન્દ્રભાઈ પટેલ (સુરેન્દ્રકાકા) ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી અને કમલમમાં કાર્યરત ભાજપના અગ્રણીઓ તથા કાર્યકર્તાઓએ વડાપ્રધાનનું સ્વાગત કર્યુ હતું.

શ્રી મોદી પહેલા કમલમમાં પક્ષના નેતાઓ, કાર્યકર્તાઓ વચ્ચે થોડી હળવી પળો માણી હતી અને અહીથી રાજયભરમાં જે રીતે ચુંટણી સંચાલન થઈ રહ્યું છે તે અંગે માહિતી મેળવી હતી અને જૂના કર્મચારીઓને પણ તેમના સ્વાસ્થ્ય વિ.ની માહિતી મેળવી હતી.

શ્રી મોદી અને ગુજરાત ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે એક અત્યંત હૃદયસભર નાતો છે તે ગઈકાલે પણ ફરી જોવા મળ્યું બાદમાં તેઓએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાથે બેસીને ગુજરાતના ચુંટણી ચિત્ર અંગે માહિતી મેળવી હતી. ખાસ કરીને જે રીતે રાજયમાં કેટલીક બેઠકોમાં ક્ષત્રિય આંદોલનની અસર હોવાની ચર્ચા છે તે અંગે પણ રાજયના વરિષ્ઠ નેતાઓ પાસેથી ફીડબેક મેળવ્યા હોવાનો સંકેત છે.

આજે સૌરાષ્ટ્રમાં તેમની સભામાં તેનો પ્રતિભાવ પણ જોઈ શકાતો હતો. શ્રી મોદીના આજના સૌરાષ્ટ્ર પ્રવાસથી ભાજપનું ચુંટણી ચિત્ર વધુ પ્રભાવી થઈ જશે તેઓ પક્ષના નેતાઓને વિશ્વાસ છે.

### શ્રીલંકામાં પોર્ટ ડેવલપમેન્ટ પર ભારત ૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે

નવી દિલ્હી : ભારત શ્રીલંકામાં સ્થિત પોર્ટના વિકાસ માટે ૫૦૦ કરોડ રૂપિયા ખર્ચવા જઈ રહ્યું છે. શ્રીલંકાની કેબિનેટે આ સંબંધિત પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. કંકેસન્થુરાઈ બંદર શ્રીલંકાના ઉત્તરીય પ્રાંતમાં આવેલું છે.હાલના સમયમાં આ બંદરને સમારકામની જરૂર છે. ભારતે તેના પુનઃવિકાસ સંબંધિત તમામ ખર્ચો ઉઠાવવાની તૈયારી દર્શાવી હતી. શ્રીલંકાના કેબિનેટમાં આ અંગે ચર્ચા થઈ હતી. આ દરમિયાન શ્રીલંકાની સંસદે આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી.શ્રીલંકાની કેબિનેટ તરફથી જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટના મહત્વને ધ્યાનમાં રાખીને ભારત સરકાર પ્રોજેક્ટની સમગ્ર અંદાજિત કિંમત ઉઠાવવા માટે સંમત થઈ છે. આ વર્ષે માર્ચમાં કરાયેલા એસેસમેન્ટ મુજબ આ પ્રોજેક્ટ પાછળ કુલ રૂ. ૫૧૩ કરોડનો ખર્ચ થવાનો છે.તમને જણાવી દઈએ કે ખર્ચ સંબંધિત કેટલીક અસંગતતાને કારણે આ પ્રોજેક્ટ શરૂ થવામાં વિલંબ થયો હતો. કેબિનેટે ૨ મે, ૨૦૧૭ના રોજ આ પ્રોજેક્ટને ઔપચારિક રીતે મંજૂરી આપી હતી. ત્યારબાદ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી સેવાઓની ઓફરને ૧૮

અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !

– દેવેન વ્યાસ



**ઘરમાં રહીને બાળકો હવે આપણી પરિક્ષા લેવા માંડ્યા છે!**

### અમેરિકામાં ફાયરીંગમાં ગેંગસ્ટર ગોલ્ડી બરાડ નહીં : અન્ય શખ્સ માર્યો ગયેલો



નવીદિલ્હી : સિધ્ધુ મુસેવાલા મર્ડરનો માસ્ટર માઈન્ડ ગોલ્ડી બરાડની અમેરિકામાં હત્યાની ખબર આવી હતી. પરંતુ માર્યો ગયેલો શખ્સ ગોલ્ડી બરાડ નહીં પણ એક આફ્રિકી શખ્સ ગ્લેડને હોવાનું બહાર આવ્યું છે. જયારે બીજી બાજુ ગોલ્ડી બરાડ જીવતો છે.આ અંગેની વિગત મુજબ સિધ્ધુ મુસેવાલા મર્ડર કેસનો માસ્ટર માઈન્ડ ગોલ્ડીબરાડની અમેરિકામાં હત્યા થઈ હોવાની ખબરો આવી હતી અને આ હત્યા હરીફ ગેંગ અર્શ ડલ્લા ગેંગે કરી હોવાનું બહાર આવ્યું છે.આ ઘટનાએ ભારત જ નહીં પૂરી દુનિયામાં સનસનાટી મચાવી દીધી હતી. હવે આ મામલે એવો ખુલાસો થયો છે કે, ગોળીબારમાં મરનાર ગોલ્ડી બરાડ નહીં પણ આફ્રિકી શખ્સ ગ્લેડને હતો.ગ્લેડનેની હત્યા બાદ ત્યાંથી પસાર થતા કોઈ વ્યકિતએ આફ્રિકી શખ્સનું નામ અને દેખાવ ગોલ્ડી જેવા લાગતા ગોલ્ડી મરી ગયાની ખબર ફેલાવી દીધી હતી.

### રશિયાએ ફરી યુક્રેન પર મિસાઈલ છોડી, પાંચ લોકોના મોત નિપજ્યા

નવી દિલ્હી : રશિયા અને યુક્રેન વચ્ચે લગભગ ૨૫ મહિનાથી સતત યુદ્ધ ચાલી રહ્યું છે. હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. દરરોજ બંને તરફથી ગોળીબાર થઈ રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. તાજેતરનો મામલો દક્ષિણ બંદર શહેર ઓડેસામાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં ‘હેરી પોટર કેસલ’ તરીકે ઓળખાતી યુક્રેનિયન ઈમારત પર રશિયન મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા.ન્યૂઝ પોર્ટલ ધ ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ અનુસાર, હુમલામાં ગોથિક શૈલીમાં બનેલા કિલ્લા તેમજ આસપાસની રહેણાંક ઈમારતોને નુકસાન થયું છે. આ હેરી પોટર કિલ્લામાં એક ખાનગી કાયદા સંસ્થા ચાલતી હતી. મિસાઈલ હુમલા બાદના એક વીડિયોમાં ઈમારતમાં ભીષણ આગ જોવા મળી રહી છે.તમને જણાવી દઈએ કે ઓડેસા પર આ અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો છે. આમાં રશિયન સેનાએ શહેર પર મિસાઈલ, ડ્રોન અને બોમ્બ છોડ્યા, જેના કારણે દરિયા કિનારે સ્થિત પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા બળીને ખાખ થઈ ગઈ. લગભગ ૨૫ મહિના પહેલા યુક્રેનમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ઓડેસાનું બંદર શહેર અવારનવાર રશિયન મિસાઈલ અને ડ્રોન હુમલાનું નિશાન બન્યું છે.

### કોવિશિલ્ડ વેકસીનનો સર્જાયેલો વિવાદ કારણ કે ચુંટણી આચારસહિંતાનો અમલ!





**કોવિડ વેકસીન સર્ટીફીકેટમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીર દુર**

નવી દિલ્હી : દેશમાં કોરોના સામે રામબાણ ઈલાજ જેવી વેકસીનના મુદ્દે હવે સર્જાયેલા વિવાદમાં એક નવો રસપ્રદ વળાંક આવ્યો છે. એક તરફ કોવિશિલ્ડ સામે છેક સુપ્રીમમાં તેની આડ અસર અંગે તપાસ માટે મેડીકલ બોર્ડ રચવાની રીટ અરજી થઈ છે તો બીજી તરફ વેકસીનના બે ડોઝ લીધા બાદ દેશભરમાં લોકોને ઓનલાઈન વેકસીન સર્ટીફીકેટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીર સાથેનું જે સર્ટીફીકેટ અપાયુ હતું તેમાંથી મોદીની તસ્વીર દુર કરી દેવામાં આવી છે.અગાઉ સર્ટીફીકેટમાં વડાપ્રધાનની તસ્વીર સાથે દવાઈ ભી ઔર કડાઈ ભી એટલે કે દવાની સાથે કોરોના અંગે જે સાવચેતીના પગલા લેવાના હતા તેનો પણ આકરો અમલનો સંદેશો અપાયો હતો અને જણાવાયું હતું કે સૌ સાથે મળીને ભારત કોવિડ-૧૯ને પરાજીત કરશે. પરંતુ સ્વાસ્થ્ય મંત્રાલયે સ્વીકાર્યુ છે કે, વેકસીન સર્ટીફીકેટમાંથી હવે વડાપ્રધાનની તસ્વીર જોવા મળશે નહી.માઈક્રોબ્લોગીંગ પ્લેટફોર્મ એકસ પર લોકો આ અંગે ચર્ચા કરી રહ્યા છે. એક હેન્ડલ પર લખાયુ કે, કોવિડ વેકસીન સર્ટીફીકેટમાં હવે મોદીજી નજરે ચડતા નથી તે તપાસવા માટે જ સટીફીકેટ ફરી ડાઉનલોડ કર્યુ અને વાસ્તવમાં મોદીની તસ્વીર ગાયબ થઈ ગઈ છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર વદ - ૯, તા.૦૨ મે, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

# મોદીએ કેમ બનાસકાંઠામાં જ કરી સભા?



ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના મતદાનને આડે હવે ગણતરીના દિવસો બાકી છે. પ્રચાર પ્રસાર અંતિમ તબક્કામાં પહોચ્યો છે. દેશના યશસ્વી વડાપ્રધાન ગુજરાતમાં ગત રોજથી ચૂંટણી પ્રચારના મેદાને પહોચી આવ્યા છે. તેઓએ ગઈકાલે ડીસા-બનાસકાંઠા બેઠકના ઉમેદવારના સમર્થનમાં સભા ગજવી હતી. મોદીએ કેમ આ જ વિસ્તારથી પ્રચાર શરૂ કરવાનુ પસંદ કર્યુ? ઉત્તર ગુજરાતની જે બેઠકો છે તેમાં કાંટાની ટકકરની સ્થિતી જોવાઈ રહી છે. બનાસકાંઠા, ડીસા અને સાબરકાંઠાના હિંમતનગરમા નરેન્દ્રમોદીની સભાનું આયોજન કેમ કરવામા અવ્યુ? અહી કોગી નેતા રાુહલ અને પાટણમાં સભાઓ સંબોધી હતી તો પ્રિયંકા ગાંધી બનાસકાંઠામાં ચૂંટણી સભાને સંબોધવાનું આયોજન ઘડાયું છે નોધનીય છે કે, બનાસકાંઠા-સાબરકાંઠા જેવી બેઠકો પર આતંરીક વિખવાદના કારણે જ રસ્સાકસ્સી ભર્યો જંગ જામેલો છે. આ બન્ને ઉપરાંત પાટણની બેઠક પર પણ જબરજસ્ત ટકકર રહેલી છે. પાટણ અને બનાસકાઠા આ બે જ બેઠકો એવી છે કે જયાથી કોંગ્રેસના કુલ્લ છ ધારાસભ્યો ચૂંટણી આવ્યા હતા. આમ ઘણેખરે અંશે આ વિસ્તરોમાં ભાજપ સામે પડકાર છે. અહી ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં જે બેઠકો પર ભાજપની સરસાઈ અન્ય બેઠકોની સરખામણીએ ઓછી હતી તેમાની એક બેઠક પાટણ છે. રાજકીય નિષ્ણાતો માને છે કે આ સિવાય ઉત્તર ગુજરાતના અમુક વિસ્તારોમાં થોડે ઘણે અંશે પણ ક્ષત્રીય આંદોલનનો પડકાર રહેલ છે. આવા અનેક કારણો છે કે મોદીજીએ બનાસકાંઠાથી ચૂંટણી પ્રચારનો આરંભ કર્યો છે. તેની સાથોસાથ જ મોદીની સૌરાષ્ટ્રમાં પણ જાહેરસભાઓ ગોઠવાઈ છે. જુનાગઢ, જામનગર, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. ભાજપની ચૂંટણી પ્રચારની રણનીતી પણ રહી છે કે, મોદી પ્રચારમાં છેલ્લી ઘડીએ આવે અને ભાજપને જયા તકલીફ રહેલી છે ત્યાં જાય. ભાજપને આ બધી બેઠકો પર પાંચ લાખની જીત મેળવવી તો કપરી જ દેખાઈ રહી છે પરંતુ વર્તમાન ક્ષત્રિય આંદોલન જેવા ઉભા થયેલા પરીબળોને જોતા ટકકર પણ અહી કાંટાની થઈ રહી હોવાનુ ચિત્ર જોવાઈ રહ્યું છે.

# સાંસદ દ્વારા ગ્રાન્ટ ફાળવણીમાં ગાંધીધામને સતત અન્યાય : નીતેશ લાલણ





## ગાંધીધામ તાલુકાના પ્રવાસ દરમ્યાન કચ્છ લોકસભાના કોંગ્રેસના ઉમેદવારે ધાર્મિક આસ્થાના કેન્દ્રો પર શીશ ઝુકાવ્યું

ગાંધીધામ : કચ્છ લોકસભાના કોંગ્રેસના યુવા ઉમેદવાર નીતેભાઈ લાલણે ગાંધીધામ તાલુકાના ભારાપર, કિડાણા, શિણાય, એકતાનગર, પિથોરાપીર, ભૂકંપનગર, અંતરજાળ, ખારીરોહર, મચ્છુનગર, મીઠીરોહર, પડાણા, ગળપાદર, વાસ્મો મેદાન ગળપાદર વગેરે વિસ્તારનો વિદ્યુતવેગી પ્રવાસ ખેડ્યો હતો.

આ પ્રવાસ દરમ્યાન ગાંધીધામ શહેરને જોડતા ગાંધીધામ તાલુકાના ગામડાઓમાં હાલના સાંસદ દ્વારા સતત ઓરમાયું વર્તન કરાયું છે અને ભેદભાવભર્યું વલણ દાખવી પોતાની ગ્રાન્ટના ઉપયોગથી આ વિસ્તારને બાકાત રાખી દેવાયો હોવાનું શ્રી લાલણે જણાવ્યું હતું. ઉદ્યોગોમાં પણ સરકાર સ્થાનિક બેરોજગારોને રોજગારી અપાતી નથી. પૂર્વ કચ્છમાં કાયદો - વ્યવસ્થાની હાલત અતિ બદતર છે, પરંતુ લોકોની સુરક્ષા માટે સાંસદે ક્યારેય પણ ચિંતા સેવી નથી તેવી અસંખ્ય ફરિયાદો કોંગ્રેસના પ્રવાસ દરમ્યાન આગેવાનો પાસે સ્થાનિકોએ કરી હતી. ઉપરાંત ઉમેદવાર નીતેશભાઈ લાલણે કોંગ્રેસ પક્ષની પાંચ ન્યાય ગેરંટીઓ દ્વારા સરકાર લાવવામાં આવશે તો તમામ સમસ્યા હલ થશે, જેમાં યુવાનોને રોજગાર, મહિલા સુરક્ષા, આર્થિક સહાય, ખેડૂતોને એમએસવી, શ્રમિકોને લઘુત્તમ વેતનધારો તથા સમાજના તમામ વર્ગોની સરખી હિસ્સેદારી કોંગ્રેસના એજન્ડામાં છે. આ એજન્ડાઓ માટે તમામ સમૂદાયના લોકોએ કોંગ્રેસ તરફી મતદાન કરવા અને કોંગ્રેસને જંગી બહુમતિથી જીતાડવા આહ્વાન કર્યું હતું. ભારતની સંસદમાં પ્રતિનિધિત્વ કરવાની જો તકે મળશે તો આ વિસ્તારની સમસ્યા હલ કરાશે તથા પ્રજા સાથે સતત રહેવાનો શ્રી લાલણે કોલ આપ્યો હતો.

જિલ્લા પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજાએ ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા તમામ પ્રજાનો સર્વાંગી વિકાસ થાય તે માટે કોંગ્રેસ પક્ષને સતત રજૂઆતોનું ફળ મળેલ છે. જવાહરલાલ નહેરૂના સ્વપ્નનું ગાંધીધામ નગર બને અને તાલુકાની સોસાયટીઓનો - પંચાયતોનો સર્વાંગી વિકાસ થાય તે માટે હાલમાં પરિવર્તનની લહેરમાં ગાંધીધામ તાલુકો જોડાય અને કોંગ્રેસ પક્ષને જંગી બહુમતિ મળે તે માટે સમર્થન આપવા અપીલ કરી હતી.

આ પ્રવાસ દરમ્યાન ઉમેદવાર સાથે દેવેન્દ્રસિંહ ઝાલા, અલ્પેશભાઈ, ચેતન જોશી, ગનીભાઈ માંજોઠી, ભરત ગુપ્તા, શેરબાનુ ખલીફા, રાધાસિંગ ચૌધરી, નાગશીભાઈ નોરિયા, શામજીભાઈ આગરિયા, કાસમ કકલ, હાજી અયુબભાઈ, લતીફ ખલીફા, જ્યોત્સનાબેન બરસ, બિંદુબેન યાદવ, દશરથસિંહ ખંગોરત, ભરતભાઈ સોલંકી, દશરથભાઈ જોષી, અનવરભાઈ પઠાણ, બળુભા જાડેજા, હરદેવસિંહ જાડેજા, ઈશાકભાઈ કોરેજા, રફીક બાપુ, મુન્નાભાઈ જાડેજા, હાર્દિકભાઈ જરૂ, અમરશીભાઈ બોરીચા, શકુર માંજોઠી, રૂપા જરૂ, અરજણ આગરિયા, રમેશ માતા, કેશાભાઈ ભીલ, લાલજીભાઈ વીરા, સોનલ બોરીચા, અરૂણાબા ઝાલા, ખમ્બા ઝાલા, હુશેનભાઈ કકલ, ભવ્યભાઈ ઝરૂ વગેરે આગેવાનો જોડાયા હતા. આ સૌ આગેવાનએ ભાજપ સરકારને આડ હાથ લીધી હતી અને પરિવર્તન લાવવા અનુરોધ કર્યો હતો એવું જિલ્લા મીડિયા કો-ઓર્ડિનેટર ગનીભાઈ કુંભાર તથા સહપ્રવક્તા અંજલિ ગોરની યાદીમાં જણાવાયું હતું.

# ભુજમાં વાણિયાવાડ પાસે એસટી બસની ટક્કરે વૃદ્ધનું મોત

## ભુજ-દ્વારકા રૂટની બસના ચાલક સામે ફોજદારી નોંધાઈ

ભુજ : શહેરમાં સોમવારે રાત્રે આઠ વાગ્યાના અરસામાં વાણિયાવાડ સર્કલ પાસે અકસ્માત થયો હતો. ભુજ બસ પોર્ટમાંથી ભુજ-દ્વારકા રૂટની બસ નીકળી અને વાણિયાવાડ પાસે ૭૫ વર્ષના વૃદ્ધ રસ્તો ક્રોસ કરતા હતા જેઓને બસના ચાલકે ટક્કર મારતા બન્ને પગમાં ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે લોકો ભેગા થઈ ગયા અને હાજર પોલીસ કર્મચારી તેમજ લોકો દ્વારા સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે રાત્રે ૭૫ વર્ષિય મહેન્દ્રસિંઘ લાલુસિંઘનું મોત થતા તેમના પુત્ર બલજીતસિંઘ દીગવાએ ભુજ-દ્વારકા રૂટની બસ નં.જીજે૦૭-વાયઝેડ-૬૩૧૦ ના ચાલક સામે ફરિયાદ દાખલ કરાવી હતી. હતભાગી મૂળ ઉત્તરપ્રદેશના હતા અને ભુજના ગણેશનગરમાં રહેતા હતા. અંતર વહેચીને તેઓ ગુજરાન ચલાવતા હતા. રસ્તો ક્રોસ કરવા ગયા ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અદાણી મેડિકલ કોલેજમાં માનસિક સ્વાસ્થ્ય માસની ઉજવણી કરાશે

## એક સપ્તાહ માટે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન

ભુજ : માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે સજાગતા કેળવાય તે હેતુસર વિશ્વમાં દર વર્ષે મે મહિનામાં માનસિક સ્વાસ્થ્ય માસનું આયોજન કરવામાં આવે છે. જીવનને બહેતર બનાવવા જેટલી શારીરિક સ્વાસ્થ્યની કાળજી રાખવી જરૂરી હોય છે તેટલીજ માનસિક આરોગ્યની પણ જરૂરિયાત હોય છે. અદાણી મેડિકલ કોલેજ અને જી.કે. જનરલ હોસ્પિટલ દ્વારા આ માસની સતત એક વીક ઉજવણી કરવામાં આવશે.

ઉજવણી દરમિયાન મનોચિકિત્સા વિભાગ મારફતે ન્યુરો નેક્ષસ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. મેડિકલ ડાયરેક્ટર ડૉ.બાલાજી પિલ્લાઈ, ડીન ડો. એ.એન.ઘોષ તેમજ મેડી.સુપ્રિ. ડો. નરેન્દ્ર હિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મનોચિકિત્સા વિભાગના હેડ ડો.મહેશ ટીલવાણીના જણાવ્યા મુજબ મે માસના પ્રથમ અઠવાડિયા દરમિયાન જુદા જુદા કાર્યક્રમો જેમકે, બ્રેઈન બ્રશ જેમા માનસિક સ્વાસ્થ્ય પર પોસ્ટર ચિત્રણ સ્પર્ધા,બ્રેઈન હબના સંદર્ભમાં માનસિક રોગ અંગે રિલ મેકિંગ સ્પર્ધા ઉપરાંત માનસિક રોગ થીમ ઉપર રંગોળી સ્પર્ધા, ક્વિઝ હરીફાઈ રાખવામાં આવી છે. એક ફિલ્મ પણ દર્શાવશે જેની કલીપના આધારે કયા પ્રકારનો માનસિક રોગ છે તેનું નિદર્શન કરવાનું રહેશે.સાથે સાથે જુદા જુદા માનસિક રોગ ઉપર ચર્ચા પણ યોજાશે. ઈવેન્ટને સફળ બનાવવા મનોચિકિત્સા વિભાગ જહેમત લઈ રહ્યું છે.

# નખત્રાણાના રાણારાના મંદિરમાંથી થયેલી ચોરીમાં બે ઝડપાયા

નખત્રાણા : તાલુકાના રાણારા મોટા ગામે આવેલા વાંકોલ માતાજીના મંદિરે ત્રણ મહિના અગાઉ ચોરી થઈ હતી. રાતના સમયે આવેલા તસ્કરોએ મંદિરમાં સ્ટીલની ગ્રીલ તોડી દાનપેટી ઉઠાવી ગયા હતા. જેમાંથી અંદાજે ૨૫ હજાર રોકડ ચોરાઈ ગઈ હતી. તપાસ કરતા મંદિરથી ૨૦૦ મીટર દૂર દાનપેટી મળી આવી હતી. આ ઘટનામાં જે-તે સમયે પોલીસે ફરિયાદ દાખલ કરી ન હતી. આરોપી ઝડપાઈ જતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જે પ્રમાણે કુવાથડાના અલીમામદ સિધિક નોડે અને ભડલીના મુસ્તાક સુલેમાન પઢીયારની અટકાયત કરી પુછપરછ કરતા મંદિરમાંથી દાનપેટી ચોરી હોવાની કબૂલાત આપી હતી. મુદ્દામાલ રિક્વર કરવા સાથે અન્ય કોઈ ગુનાઓમાં સંડોવણી છે કે મેમ ? તે જાણવા માટે અદાલતમાં રજૂ કરતા બન્નેના બે દિવસના રિમાન્ડ મળ્યા હતા.

## કિડાણાની પરિણીતાએ પતિ સામે નોંધાવી ફોજદારી

ભુજ : ગાંધીધામ તાલુકાના કિડાણામાં રહેતા પરીણિતા તસરીમબાઈ પરિવારજનો સાથે હાજીપીરના મેળામાં પહોંચ્યા હતા. જ્યાં પતિ સિકંદર રજાક મથડા હાજર હતા. બન્ને વચ્ચે ઘરેલુ બોલાચાલી થઈ હતી. જેમાં ઉશ્કેરાઈને આરોપીએ પત્નીના માથામાં ચપ્પુ મારી ઈજાઓ પહોંચાડી ધકો મારી નીચે પાડી દેતા સારવાર માટે જી.કે.માં લઈ જવાયા બાદ નરા પોલીસમાં પતિ સામે પરીણિતાએ ફરિયાદ નોંધાવી હતી.

# ગઢશીશાની વાડીમાં યુવાનનો આપઘાત

ભુજ : માંડવી તાલુકાના ગઢશીશા ગામે આમદ ફકીરમામદ ખલીફાની વાડીએ રહેતા મૂળ છોટાઉદેપુરના ૨૫ વર્ષિય કિશન કનુભાઈ નાયકા નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતા પરિવારમાં અરેરાટી છવાઈ જવા પામી હતી. ગઢશીશા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

--------

## ટોડિયા ફાટક પાસે સ્વિફ્ટ અને છોટાહાથી વચ્ચે ટક્કર

નખત્રાણા : તાલુકાના ટોડિયા ફાટક પાસે સ્વિફ્ટ અને છોટાહાથી વચ્ચે ટક્કર થતા નખત્રાણા પોલીસમાં ગુનો દાખલ કરાયો છે. જે પ્રમાણે ફરિયાદી ટોડિયાના ઈમરાન અજીજ ઓસમાણ ચાકીએ જણાવ્યું કે, આરોપી સ્વિફ્ટ કાર નં.જીજે૧૨-એફડી-૯૨૭૦ ના ચાલકે પોતાની ગાડી બેદરકારીથી ચલાવી છોટાહાથીને ટક્કર મારતા છોટાહાથી પલટી ગયો હતો. જેમાં ફરિયાદીને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ થઈ હતી. તેમજ સ્વિફ્ટમાં બેઠેલા લોકોને પણ ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા બાદ નખત્રાણા પોલીસમાં ફરિયાદ દાખલ થઈ છે.




## હાજીપીરમાં જુની અદાવતે ઝઘડો

ભુજ : હાજીપીર દરગાહની પાછળ યુવાનો વચ્ચે જુની અદાવતે ઝઘડો થયો હતો. મૂળ ભુજ તાલુકાના નારાણપરના હાલે નખત્રાણાના કલરાઈમાં રહેતા સાબીર વલીમામદ ખલીફાના જણાવ્યા પ્રમાણે આરોપી મુસ્તાક જુસબ ત્રાયા સાથે છકડા બાબતે જુની અદાવત ચાલતી હોઈ જેના મનદુઃખે હાજીપીરમાં આ ઝઘડો થયો હતો. આરોપીઓ નારાણપરના મુસ્તાક જુસબ ત્રાયા, અલી જુસબ ત્રાયા, ફીરોજ જુમા ત્રાયા અને કેરાના અસગર ત્રાયાએ ફરિયાદીને ગાળો આપી ધકબુસટનો માર મારી ઈજાઓ પહોંચાડતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# તર્પણેશ્વર મહાદેવ મંદિરનો ૧૮મો પાટોત્સવ ઉજવાયો



ભુજ : શહેરના રાવલવાડી રીલોકેશન સાઈટ રોટરીનગર તથા ટોપહીલ સોસાયટી વિસ્તારમાં આવેલ તર્પણેશ્વર મહાદેવ મંદિરનો ૧૮મો પાટોત્સવ ધાર્મિક કાર્યો સાથે ઉજવાયો હતો. સવારે હવન-પૂજન કાર્યક્રમ તથા બપોરે ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયા હતા. મંદિરનાં મુખ્ય દાતા લક્ષ્મીબેન રમેશભાઇ રાઠી પરિવારની અનુમોદના કરવામાં આવી હતી. તર્પણેશ્વર મહાદેવ મંદિરનાં બટુક ગોસ્વામી સાર્વજનિક ચોક મધ્યે સ્વ. બટુકભાઇ ગોસ્વામીની પુણ્ય સ્મૃતિમાં જીવદયાનાં કાર્યરૂપે માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા કુંડા-ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં પ્રબોધ મુનવરનું યુવક મંડળ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આનંદ રાયસોની તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ દાતાઓનાં સહકારથી યોજવામાં આવેલ મહાપ્રસાદનો લાભ ભાવિકોએ લીધો હતો. પાટોત્સવ કાર્યને સફળ બનાવવા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# ક્ષત્રિય સમાજના અસ્મિતા રથનું મોમાયમોરા ખાતે ભવ્ય સ્વાગત કરાયું








રાપર : ક્ષત્રિય સમાજનો અસ્મિતા રથ મોમાઈમોરા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આશાપુરા માતાજીના મઢ ખાતેથી ક્ષત્રિય સમાજ દ્વારા ભારતીય જનતા પાર્ટીની સામે લડાઈ લડવા માટે ભારતીય જનતા પાર્ટીને હરાવવા માટે સંદેશો લઈને નીકળેલો અસ્મિતા રથ માતાનામઢથી નીકળી સમગ્ર કચ્છ પ્રરિભ્રમણ કરી મોમાઈમોરા ખાતે પહોંચતા રાધનપુર, સાંતલપુર, સોઈગામ અને કચ્છના ક્ષત્રિય સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્ષત્રિય સમાજ દ્વારા તમામ વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટીનો વિરોધ કરી સાતમી તારીખે ભારતીય જનતા પાર્ટી વિરોધ મતદાન કરી તેમને હરાવવાનો નિર્ણય કર્યો હતો. કોંગ્રેસને વિજય બનાવવા માટે સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે વીરભદ્રસિંહ જાડેજા, રણુભા જાડેજા, હમીરજી સોઢા, મેંદુબા બાલુભા અને અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ક્ષત્રિય સમાજ સામે રૂપાલાની ટિપ્પણીને લઈને ભારતીય જનતા પાર્ટી દ્વારા ક્ષત્રિય સમાજે રૂપાલાને હટાવવાની માગણી કરી હતી, તે માન્ય ન રાખતા એક રૂપાલા હટાવતા ક્ષત્રિય સમાજે પોતાના અસ્મિતાનો સવાલ સમજી આજે ભારતીય જનતા પાર્ટીને હરાવવા માટે તેમનો રથ સમગ્ર ગુજરાતમાં ફરી રહ્યા છે. અલગ અલગ વિસ્તારમાં જેના ભાગરૂપે મોમાઈમોરાએ રથની પૂર્ણાહુતિ થતા ત્યાં વિશાળ સંખ્યામાં સભાઓ યોજાઇ હતી અને ભારતીય જનતા પાર્ટીને હરાવવાનો નિર્ણય કર્યો હતો.

## માધાપરમાં ખુલ્લા પ્લોટમાં આગ લાગતા બુઝાવાઈ



માધાપરમાં ગાંધી સર્કલ નજીક જીઈબીની ડીપી પાસે ખુલ્લા પ્લોટમાં આગ લાગતી હતી. જે અંગે ભુજ ફાયર બ્રિગેડને જાણ થતા સ્થળ પર જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. ખુલ્લા પ્લોટમાં બાવળોની ઝાડી અને કચરો ફેલાયેલો હોઈ આગ પ્રસરી હતી. આ કામગીરીમાં જિજ્ઞેશ જેઠવા, યશપાલસિંહ વાઘેલા, ઈમ્તિયાઝ સમા સહિતના જોડાયા હતા.

## નવીનાળમાં દુકાન બનાવવાના મનદુઃખે મારામારી

મુન્દ્રા : તાલુકાના નવીનાળથી સિરાચા જતા રસ્તા પર હનુમાનજીના મંદિર પાસે સરકારી જમીન સાફ કરાવી દુકાન બનાવતા હોઈ તેનું મનદુઃખ રાખીને આરોપીએ મારામારી કરી હતી. ફરિયાદી કલુભા હઠીસંગ ચાવડાએ જણાવ્યું કે, દુકાન બનાવવાની વાતનું આરોપી ગજુભા ભીમજી જાડેજાને જાણ ન કરતા તેણે ઉશ્કેરાઈને માર મારી ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચાડી હતી જેથી ગુનો દાખલ કરાયો છે.

# અદાણી ફાઉન્ડેશન દ્વારા કચ્છના ૬ તાલુકાઓમાં જળસંગ્રહ અભિયાનનો આરંભ



ભુજ : ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ અને દુષ્કાળનું સૌથી વધુ જોખમ ધરાવતા કચ્છમાં જળસંગ્રહ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા સોમવારથી કચ્છ જિલ્લાના ૬ તાલુકાઓમાં જળસંગ્રહના કાર્યોનો શુભારંભ કરવામાં આવ્યો છે.આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાના લક્ષ્યાંક સાથે લોક ભાગીદારીથી ઉમદા કામગીરી શરૂ કરવામાં આવી છે. વરસાદી પાણીના ટીપે-ટીપાના સદુપયોગ માટે ભરચક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. કચ્છના મુંદરા, માંડવી, અબડાસા, લખપત, નખત્રાણા અને ભુજ એમ કુલ છ તાલુકાઓનાં ૨૧ ગામોના ૨૪ સ્થળોએ જળસંગ્રહ અભિયાન આરંભાયો છે, જેમાં ચેકડેમ, તળાવોનું રિનોવેશન, અનુશ્રવણ તળાવ વગેરેનો સમાવેશ થાય છે.

અદાણી ફાઉન્ડેશન દ્વારા જળસંગ્રહ માટે ગ્રામ પંચાયત, આગેવાનો તેમજ એક્ટીવીસ્ટને સક્રિય ભાગીદારી હેતુ જોડવામાં આવ્યા છે. હમામાન ખાતા મુજબ કચ્છમાં વાર્ષિક સરેરાશ ૩૭૮.૨ મિલીમીટર વરસાદ વરસે છે. અદાણી ફાઉન્ડેશનના ગુજરાત સીએસઆર હેડ પંક્તિબેન શાહે જણાવ્યું હતું કે, જે પાણીને દરિયામાં કે રણમાં વહેતું અટકાવીશું એ જ પાણી આપણું છે. જે વહી જશે તે આપણા ઉપયોગમાં નહીં આવે. જળસંગ્રહના કામોને લીધે જમીનમાં ભેજસંગ્રહને કારણે ઘાસચારો અને વૃક્ષોને પુરતો ભેજ મળવાથી ગ્રીન બેલ્ટ ઉભો થશે. અગાઉ ઘરઆંગણે વરસાદી પાણીના સંગ્રહ માટે ૧૦,૦૦૦ લીટર સંગ્રહ ક્ષમતાવાળા ધરાવતા ૭૫થી વધુ ભૂગર્ભ ટંકાઓનું કામ કરવામાં આવ્યું હતું. માંડવી દરિયાકિનારે સ્થિત મોઢવા ગામમાં સૌથી વધારે ૧૫૦ ઘરોમાં ભૂગર્ભ ટંકાઓનું નિર્માણ થઈ રહ્યું છે. જ્યારે ઝરપરા, ભુજપુર મોટી-નાની, ધ્રબ, બોરાણા વાડી જેવા વિસ્તારોમાં જળસંગ્રહના કામકાજ પૂરજોશમાં ચાલુ છે. અત્યાર સુધીમાં ૩૦૦ થી વધુ ભૂગર્ભ ટાંકાઓ બનાવી દેવાયા છે. જળમંદિરો બનવાથી દરિયાકાંઠાનાં ગામોમાં ખારાશનું પ્રમાણ ઘટીને ૧૨૦૦ ટીડીએસ જેટલું નીચું આવ્યું છે. તાજેતરમાં તીવ્ર ગતિએ ચાલી રહેલી કામગીરીને પગલે ૨૧ જેટલા ગામોમાં ૨૪ જળસંગ્રહના કામો થકી ૧,૮૦,૦૦૦ ઘનમીટર પાણીનો સંગ્રહ થશે, જેનાથી આશરે ૬૫૦થી વધુ ખેડૂતો તથા ૧૨૦૦ થી વધારે એકર જમીનને ફાયદો થશે. જળસંગ્રહની આસપાસના વિસ્તારોમાં હરિયાળી ઊભી થશે. જળસંગ્રહના ઉમદા કાર્યો સમયસર પૂર્ણ થાય તે માટે ફાઉન્ડેશનની ટીમ અને ગામલોકો કટિબદ્ધ છે. બેંગલોર જેવા મહાનગરમાં સર્જાયેલી પાણીની સમસ્યાથી સૌ કોઈ વાકેફ છે, તેવામાં આપણા કચ્છને પાણીની પળોજણથી મુક્ત રાખવા સહિયારા પ્રયત્નો થઈ રહ્યા છે. કચ્છમાં નર્મદાનાં નીરને પહોંચ્યા છે, પણ જો તેને સમજણથી નહીં વાપરીએ તો સમસ્યા સર્જાશે. વળી જ્યાં નર્મદાનાં નીર પહોચ્યાં નથી ત્યાં તો વરસાદી પાણીના સંગ્રહ સિવાય કોઈ જ વિકલ્પ નથી. કચ્છને જળસંરક્ષણ બાબતે સક્ષમ બનાવવા જળસંગ્રહ અતિ આવશ્યક છે. જેના માટે પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો, પાણીનો વેડફાટ બિલકુલ બંધ કરવો, તમામ સ્તરે પાણી રિસાયકલ અને રિયુઝ જેવા પગલાંઓ અનિવાર્ય છે. ઉદ્યોગગૃહો સામાજિક જવાબદારી સમજી ચોમાસા પહેલા જળસંગ્રહના કામો કરશે તો કચ્છને પાણીદાર પ્રદેશ બનાવી શકાશે.

# ગુંદિયાળી ખાતે બીએપીએસના સંત દ્વારા ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનો પ્રારંભ



માંડવી : ગુંદિયાળી લાલબાગ વાડી વિસ્તારમાં અ.નિ. વેલજી નારાણજી મોતા પરિવાર દ્વારા ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત બુધવારના સવારે ૮-૩૦ કલાકે કલ્યાણેશ્વર મહાદેવ મંદિર ગુંદિયાળીથી પોથીયાત્રા પ્રારંભ થયો હતો. બીએપીએસના વિદ્વાન વક્તા સંત પૂ.આદર્શતિલક સ્વામી રસાળ શૈલીમાં કથામૃતનું રસપાન કરવી રહ્યા છે. આ પાવન પ્રસંગે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ભુજના કોઠારી સ્વામી પૂ. વિવેકમંગલ સ્વામી સાથે છ સંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ૐ વિડીયો ગુંદિયાળી દ્વારા આ ભાગવત કથાના જીવંત પ્રસારણનો લાભ સૌ ધર્મપ્રેમી હરિભક્તો લઈ રહ્યા છે. તા.૭-૫-૨૪ સુધી દરરોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ કથા લાભ મળશે. આ પાવન પ્રસંગે સનાતન ધર્મપ્રેમીઓને કથા શ્રવણનો લાભ લેવા આયોજક શાંતિલાલ વેલજી મોતાએ ખાસ પરિવાર દ્વારા ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

**CHANGE OF NAME**

I Murli, S/o Shri Hotchand C. Tahiliani R/o Plot No. 216, Ward 12/C, Gandhidham have changed my name to Murlidhar for all future purposes

**પાસપોર્ટ ખોવાઈ ગયેલ છે**

હું મધુ ડો/ઓ ગોવિંદ લાલચંદાની અને વા/ઓ સમીપ કેવલરામાની, રહે. મકાન નં. ૭, મૈત્રી સોસાયટી, આદિપુર, તા. ગાંધીધામ-કચ્છ વાળી મારા પાસપોર્ટ નં. G 4026385, ઈશ્યુ તા. ૨૪/૦૮/૨૦૦૭, અને સમાપ્તિની તા. ૨૩/૦૮/૨૦૧૭, ઈસ્યુ આર.પી.ઓ. જયપુર-રાજસ્થાન થી થયેલ છે, જેમાં મારો નામ મધુ લાલચંદાની હતો તે પાસપોર્ટ હું મારા ઉપરોકત રહેઠાણના સરનામે મારો સામાન શીફ્ટ કરી રહી હતી તે સમયે આદિપુર-કચ્છ માં કયાંક ખોવાઈ ગયેલ છે, મારો સદર પાસપોર્ટ ખોવાઈ ગયેલ છે, જેમને મળેલ હોય તો પાછો આપવા વિનંતી છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

મારો તાલુકો... મારી વાત....

# કચ્છનો સરહદી લખપત તાલુકો વિકાસથી હજુય વંચિત

### પાણી, શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે પુરતી સુવિધાઓના અભાવથી તુટ્યા ગામડા : લિગ્નાઈટના ધંધામાં મંદીએ રહી સહી કસર પુરી કરી : સ્થાનિકે રોજગારીના અભાવે લખપત તાલુકાના યુવાનોને બહાર નિકળવાની પડે છે ફરજ

ભુજ : ભારત દેશના પશ્ચિમી છેડે આવેલ કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં રાજાશાહીના કાળમાં લાખો કોરીઓનો વેપાર થતો હોવાથી આ વિસ્તાર લખપત તરીકે ઓળખાય છે. કાર્યક્રમે લખપતની જાહોજલાલી ઓસરી જતાં એક સમયે વિકસીત લખપત તાલુકાની ગણતરી જિલ્લાના સૌથી પછાત તાલુકામાં થવા લાગી હતી. ઓછા વરસાદના કારણે લખપત તાલુકા માટે પાણીએ સૌથી મોટી સમસ્યા હંમેશાથી જ રહી છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સુવિધાઓના અભાવથી સાલરતાનો દર માત્ર ૫૧ ટકાની આસપાસ છે. પાણી અને માળખાકીય સુવિધાઓના અભાવથી આ તાલુકામાંથી મોટી સંખ્યામાં લોકો હિજરત કરી ચુકયા છે. દેશદેવી મા આશાપુરાનું સ્થાનક માતાનામઢ જેવા પ્રસિદ્ધ તિર્થસ્થાનના લીધે દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ અહીં દર્શનાર્થે આવતા હોય છે. કિંમતી ખનિજ એવું લિગ્નાઈટ અહિં મળી આવતો હોવાથી ટ્રાન્સપોર્ટ અને સંલગ્ન વ્યવસાયો થકી તાલુકામાં ચહલ પહલ વધી હતી, પરંતુ પાન્ધ્રો બંધ થયા બાદ ફરી એક વખત સ્થિતિ બદલાઈ છે. હાલે આયાતી કોલસા સામે લખપત તાલુકાની ખાણના કોલસાની માત્ર નહીંવત હોવાથી ધંધામાં મંદી આવી છે. વર્ષ ૨૦૦૧માં આવેલા ભયાવહ ભૂકંપ બાદ કચ્છ જિલ્લાનું નવસર્જન થયું છે. અનેકવિધ માળખાગત સુવિધાઓનો વિકાસ થયો છે, પરંતુ છેવાડાના લખપત તાલુકાના વિકાસમાં આજે પણ અનેક કડીઓ ખુટી રહી છે.

ખેતી અને પશુપાલન જેવા વ્યવસાયો માટે પાણી મૂળભૂત જરૂરિયાત હોય છે. પાણીના પુરતા સ્ત્રોતના અભાવે મજૂરી, કૃષિ અને પશુપાલન ક્ષેત્રે વિકાસ રૂંધાયો છે. રોજગાર માટે સ્થાનિકે પુરતા સંશાધનોના અભાવે યુવાધનને તાલુકામાંથી બહાર જવાની ફરજ પડે છે. પર્યટન ક્ષેત્રે લખપ તાલુકામાં વિપુલ સંભાવના ધરબાયેલી છે. તાલુકાની ઐતિહાકિ ધરોહર ભવ્ય ભૂતકાળની સાક્ષી બની ઉભી છે. ત્યારે જો પર્યટન ક્ષેત્રે વિકાસ માટે જરૂરી સુવિધાઓ ઉભી કરાય તો સ્થાનિકોને રોજગારીની નવી તકો મળી શકે તેવું સ્થાનિકો જણાવી રહ્યા છે.

### યાત્રાધામ સહિત લખપતનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે : વેરસલજી તુંવર - ભાજપ



દયાપર : સરહદી લખપત તાલુકાના યાત્રાધામ નારાયણસરોવર, કોટેશ્વર, ગુરૂદ્વારો, લખપત, માતાનામઢ સહિત તાલુકાના સર્વાંગી વિકાસ ગઈ રહ્યો છે તેમ જણાવતા તાલુકા ભાજપના પ્રમુખ વેરસલજી તુંવરે કહ્યું હતું.

માળખાકીય સુવિધા રસ્તા, શિક્ષણ, આરોગ્યની સેવા તાલુકામાં પ્રવૃત્ત છે. જે સરકારી કર્મચારીની ઘટ છે તે તાકિદે પુરાશે અને નર્મદાના પાણી તાલુકાને મળે છે પણ તેમા વધારો કરવા પ્રયાસ જારી છે.

સંસદ સભ્ય વિનોદ ચાવડા, ધારાસભ્ય અને જિ.પં., તા.પં. ના સહકારથી લખપત તાલુકા વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. નવી એસ.ટી. બસો મળી છે. બસ સ્ટેન્ડ નવા બન્યા છે. તો સ્કૂલો, પંચાયત ઘરો, આરોગ્ય કચેરી નવી બની છે. ગામડાને જોડતા રસ્તા પર બન્યા છે. બાકીના રસ્તા બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. સરકારે આ સરહદી તાલુકાની તમામ ક્ષેત્ર દરકાર લીધી છે. સુરક્ષાની નજરે પણ તાલુકો મોખરે છે. તાલુકામાં જળસંગ્રહના કામો થયા છે અને બાકી જે વિકાસની ખુટતી કડીઓ છે તે પણ સત્વરે સંધાય તે માટે તાલુકા ભાજપ સતત સક્રિય રહી છે. પશુપાલન, ખેતી, ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર નભતો આ તાલુકાના સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે અને પ્રજાને માળખાકીય સુવિધા મળી રહી છેતેમ તા.ભા. પ્રમુખ વેરસલજી તુંવરે કહ્યું હતું.

### ભાજપની કિન્નાખોરી નીતિથી લખપતનો વિકાસ રૂંધાયો છે : અલીમામદ જત-કોંગ્રેસ



દયાપર : કોંગ્રેસનો ગઢ ગણાતો છેવાડાનો તાલુકો લખપતમાં ભાજપની કિન્નખોરી ભરી નીતિથીવિકાસ રૂંધાયો છે. તેમ જણાવતા તાલુકા કોંગ્રેસના પ્રમુખ અને તા.પં.ના પુર્વ પ્રમુખ અલીમામદ જતે કહ્યું હતું તેમણે કહ્યું કે તાલુકામાં પાણીની તંગી છે. ઘાસચારો મળતો નથી. માલધારી મુશ્કેલીમાં છે. આરોગ્યની સેવા બિમાર છે. તબીબ વિહોણા દવાખાના છે આરોગ્યના સાધનો ધુળ ખાય છે. તાલુકામાં પશુ ચિકિત્સકો નથી. રસ્તા ઠેર-ઠેર ખરાબ છે. એસ.ટી. બસના ઠેકાણા નથી, દયાપર બસ સ્ટેન્ડ નથી, તાલુકામાં શિક્ષકો, તલાટી, આરોગ્ય સહિત સરકારી કચેરીમાં કર્મચારીની ઘટ છે. શિક્ષણ વ્યવસ્થા જ નથી.યુવાનો માટે કોઈપણ રોજગારી નથી. સરકાર માત્ર આ તાલુકાને કાગળ પર જ ગતિશીલ વિકાસમાં રાખ્યો છે. તાલુકાને પુરતા પ્રમાણમાં નર્મદાના જળ મળતા નથી. સરકારની વિવિધ યોજના લાભ તાલુકાને નહિવત પ્રમાણમાં મળે છે. તેના પાછળ ભાજની કિન્નાખોરી ભરી રાજરમત જવાબદાર છે. આ પછાત તાલુકો અતિ પછાત રહ્યો છે. વિવિધ ખુટતી વિકાસની કડી અંગે લખપતના જાગૃત નાગરિકો અનેક વખત રજુઆત કરી કોંગ્રેસ પણ રજુઆત કરી છતાં પણ સરકારે આ તાલુકાની દરકાર કરી નથી તેમ અંતમાં અલીમામદ જતે જણાવાયું હતું.

# ઝીંકડી ગામે લગ્ન સમયે પ્રિવેડિંગ વીડિયો અને ફોટોગ્રાફીને અપાયો જાકારો

### દરેક સમાજ માટે રાહ ચિંધતો નિર્ણય ઝીંકડી આહિર સમાજે લીધો

ભુજ : લગ્નગાળાના સમયે ધામધૂમથી ઉજવાતા લગ્નોમાં લાખો રૂપિયાનો ધુમળો કરવામાં આવે છે. આ થતો ખર્ચ વાલીઓમાં ચિંતાનો વિષય બન્યો છે. આ જુના જમાનામાં સામાજિક પ્રસંગોમાં લાખો રૂપિયાનો ધુમાડો કરવો એ દેખા દેખીનો પરિણામ છે, જે મોંઘવારીના સમયમાં કોઈને પોસાય તેમ નથી છતાં ગમે તેમ પૈસા ભેગા કરી લગ્ન પ્રસંગોને ધામધૂમથી ઉજવવામાં આવે છે. તેને રોકવા માટે સમાજ અને સમાજના આગેવાનોએ ચિંતા કરવી રહી. આવી ચિંતા ભુજ તાલુકાના ઝીકડી ગામના અગ્રણીઓએ સેવી એક નવો રાહ દરેક સમાજ માટે ચીંધ્યો છે.

કચ્છમાં વસતા પ્રાંથળિયા આહિર સમાજમાં અંધારી તેરસના દિવસે લગ્ન યોજાય છે. તે દિવસ નજીક આવી રહ્યો છે. તેમાં ઝીંકડી ગામમાં આહિર સમાજે દરેક પ્રસંગોમાં અમલી બને તેવા નિર્ણયો લીધા છે. આ નિર્ણયમાં લગ્ન પ્રસંગે પ્રિવેડિંગ વીડિયો અને ફોટોગ્રાફી પાછળ વધુ ખર્ચ થાય છે. તેને સમાજે બંધ રાખ્યો છે. લગ્ન વખતે યુવક - યુવતી પોતાના પરંપરાગત પહેરવેશને ધારણ કરવું, લગ્ન વખતે ભાડેથી લેવાયેલા ચણિયા ચોળી, શેરવાનીને ગામમાંથી નાબુદ કરવાનું નક્કી કરાયું છે. સમાજને ફાયદો થાય, પૈસાનો વ્યય થતો અટકે અને લગ્ન સહિત સામાજિક પ્રસંગોમાં મહિલાઓએ એકતોલુ સોનું પહેરવું, રોકડ, કરિયાવર, મામેરામાં આવેલી વસ્તુઓને બતાવવાની પ્રથાને બંધ કરવામાં આવશે. જાન પ્રસ્થાન કે વિદાય વેળાએ કરાતી રોકડ ઘોર કરાશે નહીં અને સગાઈ - લગ્ન વખતે અપાતું સોનું માત્ર ચાર તોલાથી વધુના દાગના લેવા કે, આપવા નહીં આ બધા નિર્ણય ઝીંકડી આહિર સમાજે યોજાયેલી બેઠકમાં મહિલાઓની ઉપસ્થિતિમાં લીધા હતા. આ નિર્ણયોની અમલવારી માટે ભાર મહિલાઓ ઉપર મુકયો છે અને ગામની મહિલાઓ દ્વારા સમિતિ બનાવવામાં આવી છે, જેમાં જશીબેન કરમણ ખાસાની આગેવાની હેઠળ ૧૯ મહિલાઓનો સમાવેશ કરાયો હતો. ઝીંકડી આહિર સમાજના પ્રમુખ શામજી દાના ગાગલની હાજરી બેઠક મળી હતી. તેમાં તમામ પ્રકારની ચર્ચા વિચારણા કર્યા બાદ નિર્ણયો ઘડી કાઢવામાં આવ્યા હતા અને તેનું વાંચન ગામના યુવા અગ્રણી સૂરા કરમણ ખાસાએ કર્યું હતું.

આ વેળાએ ગામના અગ્રણી માવજી ભીમજી કેરાસિયા, રણછોડ રવજી ગાગલ, ભીમજી રવજી ખાસા વગેરેએ પોતાના મંતવ્યો આપ્યા હતા. આ વેળાએ તાજેતરમાં યદુનંદન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના નવા વરાયેલા મંત્રી એચ.એસ આહિરે સમાજને ફાયદો થાય તે માટે સુધારાવાદી બંધારણ સમાજ બનાવવા માટે ઝીંકડી આહિર સમાજના તમામ સભ્યો એકત્ર થયા હતા તેમાં નિર્ણયો લેવામાં આવ્યા છે.

# મુસ્લિમ રાષ્ટ્રીય મંચ દ્વારા ઈદ મીલનનો કાર્યક્રમ યોજાયો



ભુજ : મુસ્લિમ રાષ્ટ્રીય મંચ દ્વારા એક ઈદ મીલનનો કાર્યક્રમ ગત તા. ૨૪/૦૪ ના રોજ નવી-દિલ્હીમાં ગાંધી દર્શન હોલમાં મુસ્લિમ રાષ્ટ્રીય મંચના માર્ગદર્શક ઈન્દ્રેશકુમારજીના અધ્યક્ષ પદે યોજવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત તમામ આગેવાનો, કાર્યકરોને ઈન્દ્રેશકુમારજીએ ઈદની મુબારકબાદી પાઠવી હતી તથા ઉપસ્થિત સર્વે આગેવાનો, કાર્યકરોએ ઈન્દ્રેશકુમારજી તથા એક બીજાને પરસ્પર ઈદ મુબારક પાઠવી હતી. આ પ્રસંગે મુસ્લિમ રાષ્ટ્રીય મંચના રાષ્ટ્રીય પ્રમુખ મોહમદ અફઝલ, માર્ગદર્શક ગીરીશ જુવેલ, ઈસ્લામિક કલ્ચર સેન્ટરના પ્રમુખ શાહીદ અખ્તર, ઈમરાન ચૌધરી, ગુજરાતના સંયોજક ભરૂચના સલીમખાન પઠાણ તથા ભુજથી મદ્રેસા પ્રકોષ્ઠના રાષ્ટ્રીય સહ સંયોજક અમીરફૈઝલ મુતવા અને મદ્રેસા પ્રકોષ્ઠના પ્રમુખ મઝાહીરખાન વગેરે હાજર રહ્યા હતા.

# મજદૂર દિવસ નિમિતે જથ્થાબંધ બજારમાં ઉજવણી કરાઈ

### જથ્થાબંધ બજારના પ્રમુખને એસોસિએશનના અગ્રણીએ સમસ્યા અંગે વાકેફ કર્યા : પ્રમુખે નિવેડો લાવવાની આપી ખાતરી





ભુજ : પહેલી મે આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસ અને ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે ભુજ મજદૂર કામદાર યુનિયન અને મજૂર કામદાર વેલ્ફેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે જથ્થાબંધ બજાર સમિતિના અગ્રણી વેપારી અને એસોસિયેશનના પ્રમુખ મેહુલભાઈ ઠક્કર, વ્યાપારી આગેવાન હસમુખભાઈ ઠક્કર, ફાઉન્ડેશનના સર્વશ્રી ઈદ્રીશ થેબા, હિતેશભાઈ ભાનુશાલી, રમેશભાઈ કોલી, મજીદ ભાઈ મંધરા, સલીમ બાવા, અનવર થઈમ, મુબારક વીરાની ઉપસ્થિતિમાં ભુજના સામાજિક કાર્યકર મહંમદ લાખા, મુજાહિદ હિંગોરજા, રફીક બાવાની વિશેષ ઉપસ્થિતિમાં વર્ષો બાદ ભુજ જથ્થાબંધ માર્કેટમાં અને ભુજ શહેરમાં વિવિધ જગ્યાએ મજૂરી કામ સાથે સંકળાયેલા મજૂરો દ્વારા મજદૂર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અંદાજિત ૪૦૦ થી વધુ મજૂરો ઉપસ્થિત રહ્યા હતા.

વેપારી અગ્રણી મેહુલભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, વેપારીઓ અને મજૂરો એકબીજાના પર્યાય હોવાનું જણાવ્યું હતું. સાથે દરેક નાની મોટી સમસ્યા સાથે બેસીને ઉકેલી તેનો નિકાલ કરવા પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

ભુજ મજદૂર કામદાર યુનિયન અને કામદાર વેલ્ફેર એસોસિએશનના અગ્રણી મહમદ લાખા સાથે કામદારને વિવિધ પ્રશ્નો અંગે અમારી યુનિયન મારફતે રજૂઆતમાં સ્થાનિક મજૂરોને સરકારની વિવિધ યોજનાઓ સાથે જોડવા, તેઓના ઓળખકાર્ડ બનાવવા, ઈ-શ્રમકાર્ડ, આયુષ્યમાન કાર્ડ, સરકાર દ્વારા આપવામાં આવતા વિવિધ લાભો અને યોજનાઓની માહિતી આપવી તથા તે મજૂરોને તેનો લાભ સીધે સીધો સહેલાઈથી મળી રહે તે માટેના તમામ પ્રયત્નો કરવાની નિષ્ઠા વ્યક્ત કરવામાં આવી હતી. સાથે મજૂરોનો કાર્યાલય હંમેશા માટે ખુલ્લુ રહે, મજૂરો નાની મોટી સમસ્યાઓ માટે બેઠક કરી અને તેનો ઉકેલ લાવે, તે માટે ટૂંક સમયમાં એક એડહોક કમિટીની રચના કરવામાં આવશે. આ સમિતિ વિવિધ મજૂરો સાથે મળી તેમની સમસ્યાઓને જાણકારી મેળવી અને આ સમસ્યાઓની ઉકેલની દિશામાં પ્રયત્ન કરશે. કાર્યક્રમ પ્રસંગે વક્તાઓ દ્વારા સંગઠન મજબુત બનાવવા, મજદૂર એકતા અને સંગઠન માટે તન, મન અને ધનથી સક્રિય રહેવા, સમય તથા સહકાર આપવા માટે નિર્ણય લેવામાં આવ્યો હતો. આગામી ટૂંક સમયમાં મજૂરોની એક બેઠક બોલાવવામાં આવશે જેમાં તેઓના રહેણાંક વિસ્તારોમાં મીટર માટે નગરપાલિકા એનઓસીના આપતી હોવાથી તેઓને તકલીફ પડી રહી છે. લાઈટ, પાણી, ગટર જેવી સુવિધા અને સમસ્યાઓ બાબતે પણ મજૂરોએ વાતચીત કરી હતી જેનો પણ ટૂંક સમયમાં ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરવામાં આવશે. તેમ કહ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા કાસમ જેક, મુબારક વીરા, અમીન ગગડા, અશરફ કુંભાર સહિતનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સંચાલન આભારવિધિ સામાજીક કાર્યકર મહંમદ લાખાએ કરી હતી.

# મા આશાપુરા વિદ્યા સંકુલમાં મહિલા આરોગ્ય અંગે પરિસંવાદ યોજાયો





ભુજ : મા આશાપુરા વિદ્યા સંકુલમાં મહિલા આરોગ્ય પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડો. સમીર શાહ (ડેન્ટીસ્ટ) અને ડો. શૈલેન્દ્રસિંહ રાઠોડ (ગાયનેકોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદમાં ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક આવકાર ટ્રસ્ટી રાજેન્દ્રસિંહજી જાડેજા દ્વારા કરવામાં આવેલ હતું. મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલ દ્વારા સ્વાગત વિજયભાઇ ગઢવી તથા રાજેન્દ્રસિંહજી જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું. નેશનલ મેડિકલ ઓર્ગેનેસન અને ડેન્ટીસ્ટ એસોસીએશનના પ્રેસીડેંટ તેમજ છેલા ૨૫ વર્ષથી ભુજમાં ડેન્ટીસ્ટ તરીકેની સેવા આપતા ડો. સમીર શાહ દ્વારા બાળકોથી મોટાઓ સુધી દાંતને લગતી અનેક સમસ્યાઓનું સમાધાન તેમજ પાણી પહેલા પાળ કેમ બાંધવી તેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

ડો. શ્રી શૈલેન્દ્રસિંહ રાઠોડ (ગાયનેકોલોજીસ્ટ) દ્વારા મહિલાઓને લગતી સમસ્યાઓના નિરાકરણ માટેની માહિતી તથા મહિલાઓને થતાં ખાસ ૩ પ્રકારના કેન્સરની માહિતી આપવામાં આવેલ હતી તથા તે અંગે કેવો ખોરાક લેવો તેની જાણકારી આપેલ હતી. તેમજ દીકરીઓ અને મહિલાઓને અપાતી કેન્સર અંગેની વેકસીન તથા લગ્ન પહેલા અને પછી કરાવવાના જરૂરી ટેસ્ટની પણ માહિતી આપવામાં આવેલ હતી. આ ઉપરાંત શાળાના સ્ટાફના બહેનો તથા ભાઈઓ દ્વારા પૂછવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રશ્નોત્તરીના સંતોષ કારક જવાબ આપેલ હતા. સંચાલન બીએડની તાલીમાર્થી ફોફીંડી આશા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા મા આશાપુરા વિદ્યા સંકુલના ટ્રસ્ટીઓ તથા સમગ્ર સ્ટાફનો સહકાર રહ્યો હતો. જયારે આભારવિધી આચાર્યા બ્રીજેશ્વરીબા જાડેજા દ્વારા કરવામાં આવેલ હતી.

પ્રમુખ હકુમતસિંહજી જાડેજા સાહેબ ઉપપ્રમુખ પુષ્પદાન ગઢવી સાહેબ તથા મંત્રી પ્રવીણસિંહ વાઢેરે શુભેચ્છા પાઠવતા શાળા સ્તરે વિદ્યાર્થી અને કર્મચારીના હિતાર્થ માટે અને તંદુરસ્ત સમાજના નિર્માણ અર્થે આવા કાર્યક્રમને સમયાન્તરે યોજવા માટે ભાર મુક્યો હતો.

# ૧૨માં વર્ષે ચાલુ કરાયેલ નિ:શુલ્ક છાશ કેન્દ્રને ૧ માસ સંપન્ન

### ૧૪૩૦૦ લીટર છાશનું નિ:શુલ્ક વિતરણ કરાયું : ૮૦ હજાર લોકોએ લાભ લીધો



ભુજ : વાગડ સમુદાયના સુવિશાલ ગચ્છાધિપતિ, જૈનાચાર્ય, પ.પૂ. આ.ભ.શ્રીમદવિજય કલ્પતરૂસુરિશ્વરજી મ.સા.ના આશીર્વાદ અને પ્રેરણાથી છેલ્લા ૧૪ વર્ષથી, સ્વ.ચેતન મહેતાની સ્મૃતિમાં વિવિધ સેવાક્ષેત્રે સતત કાર્યરત, જૈન સેવા સંસ્થા, નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે દાતા કમલાવંતીબેન શશીકાંતભાઈ મોરબીઆ, માંડવી-ભુજના સહયોગથી સતત ૧૨માં વર્ષે માંડવીમાં શરૂ કરાયેલ નિ:શુલ્ક છાશ કેન્દ્રને ૧ માસ સંપન્ન થયો છે. જેમાં ૧૪૩૦૦ લીટર છાશનું નિ:શુલ્ક વિતરત અને ૮૦હજાર લોકોની સેવા ભક્તિ કરવામાં આવી છે. ૩૧-૩ થીશરૂ કરાયેલ આ નિ:શુલ્ક છાશ કેન્દ્રને બહોળો પ્રતિભાવ મળેલ છે. કાળઝાળ ગરમીમાં દરરોજ ૫૪૦ જેટલા પરિવારો આ નિ:શુલ્ક છાશ કેન્દ્રનો લાભ લઈ રહ્યા છે. દરેક પરિવારને પરિવારદીઠ ૧ લીટર છાશ નિ:શુલ્ક આપવામાં આવે છે. આ રીતે દરરોજ ઉનાળાનું અમૃત છાશ ૫૦૦ લીટર નિ:શુલ્ક આપવામાં આવે છે. શરૂઆતના પ્રથમ માસમાં ૧૪૩૦૦ લીટર છાશનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે અને ૮૦ હજાર જેટલા જરૂરતમંદોની આંતરડી ઠારવામાં સંસ્થા સહભાગી બની છે. લોકો દ્વારા મળતો સહકાર અને ઉદારદિલ દાતાની સખાવતથી આ નિ:શુલ્ક છાશ કેન્દ્ર હજુ બે થી અઢી માસ ચાલુ રાખવાનો સંસ્થાએ નિર્ણય કર્યો હોવાનું સ્થાના પ્રમુખવી.જી. મહેતા અને પ્રોજેક્ટ ચેરમેન દિનેશ શાહે જણાવ્યું હતું. આ અવસરે સંસ્થાના પ્રમુખવી.જી. મહેતાના નેતૃત્વમાં પ્રદિશ દોશી, શાંતિલાલ મોતા, ઓજશ શેઠ, ચિંતન મહેતા વિગેરે ભુજના કાર્યકરો ઉપરાંત પ્રોજેક્ટ ચેરમેન દિનેશભાઈ શાહ, જયેશભાઈ ચંદુરા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા અને છાશનું વિતરણ કર્યું હતું. અનુસુયાબેન શાહ, જયશ્રીબેન, મધુબેન વ્યાસ વિગેરે સહયોગી રહ્યા હતા.

## બજારભાવ


| | | | | | |
|---|---|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ** | | એરંડા | ૧૦૭૮-૧૦૯૪ | પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૦ |
| | | ગોવાર | ૧૦૦૦-૧૦૧૬ | દુધી | ૩-૧૦ |
| ગોવાર | ૫૦૫૦-૫૧૯૯ | સાખજીરૂ | ૪૩૦૦-૪૩૨૫ | આદુ | ૧૦૦-૧૫૦ |
| વરિયાળી | ૪૫૦૦-૫૩૫૬ | વરિયાળી | ૭૦૦-૧૩૨૧ | કારેલા | ૧૫-૩૦ |
| ચણા | ૫૦૦૦-૫૪૦૦ | ઈશબગુલ | ૨૩૦૦-૨૩૨૦ | શક્કરિયા | ૨૦-૩૫ |
| **ભુજ માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ** | | અજમો | ૧૯૯૧-૨૩૭૬ | ચોળા ડોલર | ૨૦-૪૦ |
| | | ધાણા | ૧૧૦૦-૧૧૪૧ | ચોળી | ૨૫-૭૦ |
| એરંડા | ૨૧૦૦-૨૧૮૫ | રાયડો | ૮૯૦-૯૦૦ | ગીલોડા | ૨૫-૩૫ |
| રાયડો | ૧૭૮૮-૧૮૫૦ | **ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | મરચા સીમલા | ૨૦-૪૫ |
| ઈશબગુલ | ૪૯૪૦-૫૩૫૬ | | | ગોવાર દેશી | ૧૫-૬૦ |
| ધાણા | ૨૩૫૬-૨૩૬૪ | ડુંગળી | ૧૩-૧૭ | ગોવાર | ૧૫-૫૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ** | | બટેટા | ૨૦-૨૫ | ગીસોડા | ૫-૧૫ |
| | | ટમેટા | ૫-૧૭ | પરવળ | ૫૦-૬૦ |
| ગોવાર | ૫૦૦૦-૫૧૭૦ | લીલી ડુંગળી | ૫-૨૦ | સરગવો | ૧૦-૩૦ |
| વરિયાળી | ૩૩૦૦-૬૯૦૦ | મરચા | ૧૦-૩૦ | ગેલકા | ૪-૧૫ |
| **અંજાર માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ** | | મરચી | ૨૫-૫૦ | કોળુ | ૫-૧૨ |
| | | રીંગણા કાળા | ૫-૧૮ | મેથી | ૨૦-૩૫ |
| એરંડા | ૧૮૦૦-૨૨૩૧ | રીંગણા બાજરીયા | ૫-૨૦ | બીટ | ૧૦-૨૦ |
| કપાસ | ૨૯૫૨ | કોબી દેશી | ૫-૧૫ | **ભુજ ફ્રુટ બજાર** | |
| જીરૂ | ૭૨૦૦-૮૯૦૦ | કોબી | ૫-૧૨ | કેળા કાચા | ૧૦-૨૦ |
| અજમો | ૪૦૦૦-૪૬૨૦ | ફુલાવર | ૧૫-૩૦ | કેળા પાકા | ૩૦-૩૫ |
| ઈશબગુલ | ૩૫૫૦-૪૯૮૯ | ફુલાવર દેશી | ૧૫-૩૦ | પપૈયા કાચા | ૭-૧૫ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | વટાણા | ૭૦-૮૦ | પપૈયા પાકા | ૧૦-૨૫ |
| જીરૂ | ૩૪૦૦-૪૫૫૧ | ધાણા | ૧૫-૨૫ | જામફળ | ૧૫-૪૦ |
| વરિયાળી | ૮૦૦-૧૨૫૨ | ભીંડા | ૨૫-૪૫ | ચીકુ | ૧૦-૨૫ |
| ઈશબગુલ | ૨૨૦૦-૨૫૦૦ | કાકડી કાળી | ૫-૧૫ | શક્કરટેટી | ૧૦-૩૦ |
| એરંડા | ૧૦૫૭ | કાકડી સફેદ | ૪-૧૦ | કાચી કેરી | ૧૫-૩૫ |
| અજમો | ૨૧૦૧-૨૩૦૦ | કાકડી ખીરા | ૧૦-૨૫ | પાકી કેરી | ૩૦-૭૦ |
| સોવા | ૧૨૦૨-૧૩૬૨ | પાલક | ૩૦-૩૫ | ફણસી | ૬૦-૮૦ |
| અડદ | ૧૩૦૦ | લસણ સુકું | ૧૪૦-૧૬૦ | દાડમ | ૨૦-૭૦ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | | લીંબુ | ૩૦-૮૦ | કલીંગર | ૮-૧૬ |

# 'મારો મત સમર્પિત હશે' એ અભિયાન હેઠળ



### વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કચ્છમાં પત્રિકાનું વિતરણ કરાશે

ભુજ : આગામી તા.૭ મેના ભારતની ૧૮મી લોધસભાની ચૂંટણીમાં 'મારો મત સમર્પિત હશે' એ અભિયાન હેઠળ વિશ્વ હિન્દુ પરિષદ કચ્છ વિભાગ દ્વારા સાડા ત્રણ લાખ જેટલી પ્રતિકાઓનું વિતરણ કરવામાં આવશે. વિભાગ સંયોજક મહાદેવભાઈ વીરાએ જણાવ્યું કે, કચ્છ તથા ૩૦ પ્રખંડમાં પ્રત્રિકા વિતરણ માટે ટીમો બનાવવામાં આવી છે જે ગ્રામ્યસ્તર સુધી જઈ લોકોને જાગૃતી ફેલાવી મતદાન કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે. પત્રિકામાં અયોધ્યામાં રામ-મંદિર, સીએએ, દ્વારકા બેટ જેવા પવિત્ર સ્થાનોની સુરક્ષા અને સારાષ્ટ્રને ગૌરવ આપતા મુદ્દાઓ લોકો સુધી પહોંચાડી જાગૃત્તિ અભિયાન કરવામાં આવશે. ચંદુભાઈ રૈયાણી, પ્રદિપભાઈ પટેલ, દિનેશભાઈ ડાંગર, મહેશભાઈ સોની, નાજાભાઈ ભરવાડ સાથે મોટી સંખ્યામાં કાર્યક્રો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ગાંધીધામમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાને આવકારવા તડામાર તૈયારી







**આવતીકાલે ગાંધીધામ ખાતે આયોજીત રોડ શોને સફળ બનાવવા દરેક કાર્યકર્તા સક્રિય બને : દેવજીભાઈ વરચંદ (જિલ્લા ભાજપ પ્રમુખ)**

**સંકુલના કાર્યકર્તાઓ માટે ઘર આંગણે પરિવારનો પ્રસંગ : માલતીબેન મહેશ્વરી (ધારાસભ્ય, ગાંધીધામ)**

ગાંધીધામ : આગામી લોકસભાની ચૂંટણી માટે પ્રચારકાર્ય પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. કચ્છના દરેક તાલુકામાં ચૂંટણી પ્રચારના અંતિમ દિવસોમાં પાર્ટી કાર્યકર્તાઓ અને મતદારોમાં લોકશાહીના સૌથી મોટા પર્વને લઈ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આવતીકાલે ગાંધીધામ ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના ભવ્ય રોડ શોનું આયોજન કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના રોડ શોને લઈ ગાંધીધામ સહિત કચ્છભરના ભાજપના કાર્યકર્તાઓમા ઉત્સાહનો સંચાર થયો છે. ગાંધીધામ વિધાનસભા ભાજપ પરિવાર દ્વારા ભવ્ય રોડ શોની તડામાર તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. રોડ શોના આયોજન માટે જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદના અધ્યક્ષસ્થાને ગાંધીધામ ખાતે મહત્વપુર્ણ બેઠક મળી હીત. આ બેઠકમાં જિલ્લા પ્રમુખ દેવજીભાઈ વરચંદે કાર્યકર્તાઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે, જિલ્લા સંગઠનને પાર્ટી મોવડીમંડળ દ્વારા ખુબ મોટો કાર્યક્રમ લમ્યો છે ત્યારે આવતીકાલે રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાનો રોડ શો ખુબ સફળ બને અને જિલ્લા પાર્ટી સંગઠનની તાકાતનો આ કાર્યક્રમ થકી સાક્ષાત્કાર થાય તે દિશામાં દરેક કાર્યકરે સક્રિય ભુમિકા ભજવવાની રહે છે. જિલ્લા સંગઠનના હોદેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત તમામ કાર્યકર્તાઓ આ રોડ શોમાં વધુને વધુ કચ્છીજનો હાજર રહે તે માટે પોતાના લેવલે પ્રયાસો કરે તે જરૂરી છે. દરેક કાર્યકર્તા નિશ્ચિત સંખ્યામાં લોકોને નિમંત્રણ આપી કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરે તેવો અનુરોધ કર્યો હતો. તેમણે પાર્ટીના કાર્યકરોને રોડ શોના આયોજન માટે જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે ગાંધીધામ સંકુલમાં દરેક કાર્યકર્તા આ પ્રસંગને પોતાના ઘર- પરિવારનો શુભપ્રસંગ સમજી તેના આયોજનમાં કોઈ કચાશ ન રહે તેની તકેદારી રાખે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા જ્યારે ગાંધીધામ આવી રહ્યા છે ત્યારે કચ્છમાં મોદીનો પરિવાર કેટલો વિશાળ છે તેની પ્રતિતિ રાષ્ટ્રીય અધ્યક્ષને રોડ શોના માધ્યમથી થાય તેવું આયોજન પાર્ટીના કાર્યકરો કરી દેખાડે તેવો અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા સંગઠનના હોદેદારોએ કચ્છ લોકસભા બેઠક પર ભાજપા તરફી જુવાળ જોવા મળી રહ્યો હોવાનું જણાવ્યું હતું. ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા અગાઉની બે ટર્મ કરતાં વધુ લીડ સાથે વિજયની હેટ્રીક કરવા જઈ રહ્યા છે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના ચૂંટણી પ્રચાર માટે રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા કચ્છ આવી રહ્યા છે તેથી પાર્ટીના કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. તેવી લાગણી પણ વ્યક્ત કરવામાં આવી હતી.

આ બેઠકમાં કચ્છ જિલ્લા મહામંત્રી ધવલભાઇ આચાર્ય, પંકજભાઇ ઠક્કર, વસંતભાઇ કોડરાણી, તેજશભાઇ શેઠ, દિવ્યાબેન નાથાણી,નરેશભાઇ ગુરબાણી, ભરતભાઇ રામવાણી, નીલમબેન લાલવાણી, ગીતાબેન ગણાત્રા, કમલભાઇ શર્મા, કમલેશભાઇ પરીયાણી, ગોવીંદભાઇ નીંજાર, દીનેશભાઇ લાલવાણી વગેરે ઉપરાંત ગાંધીધામ શહેર - તાલુકા ભાજપના હોદેદારો, વિવિધ મોરચાના પદાધિકારીઓ, કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભીમાસર ગામે ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના કાર્યાલયનું કરાયું ઉદ્‌ઘાટન






અંજાર : તાલુકાના ભીમાસર ગામે લોકસભા ચૂંટણી અંતર્ગત ભીમાસર તાલુકા પંચાયત સીટનું કાર્યાલય ઉદ્‌ઘાટન અંજાર વિધાનસભાના સહસંયોજક બાબુભાઈ ભીમાભાઈ હુંબલ અને ભાજપ પાર્ટીના વરિષ્ઠ આગેવાન ભીખાભાઈ પાચાભાઈ બરારીયા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં કચ્છ મોરબી લોકસભાનાં ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને જંગી બહુમતીથી વિજય બનાવવા અને મોદીજીના હાથ મજબૂત બનાવવા માટે બાબુભાઈએ કાર્યકર્તાઓ અને ગામલોકોને આહવાન કર્યું હતું.

પ્રસંગે તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી બી.એન. આહીર, ધમાભાઈ ડાંગર, ઘેલાભાઈ વેલજીભાઈ ડાંગર, શંભુભાઈ ઝરુ, શંકરભાઈ પરમાર, સુનિલ ડાંગર, ભીખુભાઈ હુંબલ, મનોજ સુથાર, નાથાભાઈ રબારી, દેવજીભાઈ ડાંગર, બાબુભાઈ ભીખા અને યુવા કાર્યકરો હાજર રહ્યા હતા.

## ચૂંટણીની જાહેરાત આપતા પહેલા મંજૂરી લેવી ફરજીયાત

ભુજ : સીઈઓ ગાંધીનગરની માર્ગદર્શિકા અનુસાર કચ્છ જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ કમિટી ની રચના કરવામાં આવી છે. પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક, ડીઝીટલ મીડિયામાં ચૂંટણી સંબંધિત જાહેરાત આપવા માટે ઉમેદવારોની જાહેરાતનું નિરીક્ષણ કર્યા પછી કોઈ સુધારા વધારા સૂચવવામાં આવ્યા ન હોય અને બપોરના ૧૨.૦૦ વાગ્યા પહેલા અરજી આપવામાં આવી હોય એવા કેસમાં માત્ર ૨૪ કલાકમાં જાહેરખબરની મંજૂરી મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આચારસંહિતા દરમિયાન સોશિયલ મીડિયા સહિત વિજાણુ સ્વરૂપમાં કોઈપણ પ્રકારની જાહેરાત માટે એમસીએમસીની મંજૂરી લેવાની રહેશે અને ઈ-પેપરમાં પણ તમામ દિવસોમાં મંજૂરી લેવાની રહેશે. માત્ર અખબારોના કિસ્સામાં મતદાનનો દિવસ અને તેના આગલા દિવસે એમ બે દિવસ માટે સર્ટિફિકેટ લેવું જરૂરી છે.

## ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની ટીમ દ્વારા મહતમ મતદાન માટે પ્રયત્નો



**કચ્છમાં જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, ગુજરાત પંચાયત પરિષદના ઉપપ્રમુખ જીવાભાઈ આહિરે લોકોને મતદાન કરવા કરી અપીલ**

ભુજ : ૭મી મેના ગુજરાતમાં લોકસભાની ચૂંટણીન મતદાન થનાર છે. હાલે રાષ્ટ્રીય સ્તરે ગુજરાતના નરેન્દ્રભાઈ મોદી અને અમીતભાઈ શાહ દેશનું નેતૃત્વ કરે છે. લોકશાહીમાં મતદાનની ટકાવારી વધે તે માટે વહિવટી તંત્ર અને રાજકીય પાર્ટીના કાર્યકરો પ્રયત્નશીલ છે. ગરમીના વાતાવરણની મતદાન ઉપર વિપરીત અસર વર્તાઈ રહેલ છે. પથી ૧૫ મિનિટનો સમય કાઢી ગુજરાતમાં મહતમ મતદાન થાય તે માટે રાજકીય પક્ષો, વહિવટીતંત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓના સહકાર લઈ ગામ, તાલુકા, જિલ્લા પંચાયતના હોદેદારો, સભ્યો મહતમ તાપમાન કરે અને કરાવે તે માટે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ પરેશ દેસાઈ (નવસારી), ઉપપ્રમુખ હસમુખભાઈ પટેલ (આણંદ), શિલ્પાબેન પટેલ (ગાંધીનગર), જીવાભાઈ આહિર કચ્છ, માનદમંત્રી ભરત ગાજીપરા, હંસાબેન પારેધી (મોરબી), મલકાબેન પટેલ (છોટા ઉદેપુર), ભરત સુતરિયા (અમરેલી), પરબતભાઈ પરમાર (પોરબંદર) પ્રયત્ન કરી રહેલ છે. વધુ મતદાન થાય તે માટે પંચાયત પરિષદના ઝોન પ્રભારી ઉત્તર ઝોન હરિકૃષ્ણભાઈ પટેલ (સુરેન્દ્રનગર), સૌરાષ્ટ્ર ઝોન હરેશભાઈ ઠુમર (જુનાગઢ), મધ્ય ઝોન કરણસિંહ ડામોર (દાહોદ), દક્ષિણ ઝોન મહેન્દ્રસિંહ વાંસદિયા (ભરૂચ) ઝોન વાઈઝ આ અભિયાનને સફળ બનાવવા સંકલ્પ કરશે. કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાને પ્રદેશ કક્ષાએથી કહેવામાં આવ્યું છે તેમ પાંચ લાખથી વધુ મતોથી જીત અપાવવા કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, ગુજરાત પંચાયત પરિષદના ઉપપ્રમુખ જીવાભાઈ આહિરે લોકોને અપીલ કરી છે.

## મુન્દ્રાના વોર્ડ નં.૫ મા ભાજપ કાર્યાલય ખુલ્લું મુકાયું




મુન્દ્રા : શહેરના વોર્ડ નં.૫ મા નગરપાલિકા પ્રમુખ રચનાબેન જોષીના હસ્તે ભાજપનું જનસંપર્ક કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું હતું. પ્રમુખે જણાવ્યું કે, આ વિસ્તાર ભાજપનો ગઢ છે જેમાં સંકાને કોઈ સ્થાન નથી. આ વિસ્તારના નગરસેવકો પણ પ્રજામાં લોકપ્રીય અને પ્રજાલક્ષી કામો કરનારા છે. આ પ્રસંગે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કિશોરસિંહ પરમાર, ગૌરાંગ ત્રિવેદી, શહેર પ્રમુખ સંજય ઠક્કર, પ્રણવ જોષી, કાઉન્સિલર હરીભાઈ ગોહિલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## મતદાનના ૪૮ કલાક પહેલા મત વિસ્તાર સિવાયના રાજકીય કાર્યકર્તાઓ હાજર રહી શકશે નહીં

ભુજ : જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણીની તારીખો જાહેર થયેલ છે, જે અંતર્ગત તા.૧૬/૩થી ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલી છે. કચ્છ જિલ્લામાં તા.૭/૫ના રોજ મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા.૬/૬ સુધી ચાલશે. લોકસભા સામાન્ય ચૂંટણીની કામગીરી દરમિયાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા જાહેરનામ જારી કરાયા છે, જે મુજબ જિલ્લાના તમામ મતવિસ્તારના ચૂંટાયેલા સંસદસભ્ય - ધારાસભ્યો મતદાન પુરું થતાં સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં પોતે જે ચૂંટાયા હોય તે સબંધિત મતવિભાગમાં તેઓ જે તે મતવિભાગના મતદાર હોય કે ન હોય તો પણ ચૂંટણી પ્રચારમાં સામેલ ન થવાની શરતે જ રોકાઇ શકશે. તેમજ ધારાસભ્ય જે તે વિધાનસભા મતવિભાગ સિવાયના મુલાકાત લઇ શકશે નહીં. મતદાનના પુરું થતાં સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં ઘેર ઘેર મુલાકાત લઈ ચૂંટણી પ્રચાર કરી શકાશે પરંતુ ઘેર ઘેર પ્રચાર વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત જઇ શકશે. મતદાન પુરૂ થતાં સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં ઘેર ઘેર પ્રચાર વખતે કાર્યકરો, નેતાઓ, જેના પર પક્ષનું પ્રતીક હોય તેવી ટોપી, મફલર, પહેરી શકશે પરંતુ બેનર્સ પ્રદર્શિત કરી શકશે નહીં.

## કેનેડામાં ભણતા ગુજરાતી વિદ્યાર્થીઓ માટે માઠા સમાચાર

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેનેડા સરકારે વિદ્યાર્થીઓ માટે નવો આદેશ જાહેર કર્યો છે. ખરેખર, સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે નવો નિયમ બનાવ્યો છે. જેનો અમલ સપ્ટેમ્બર માસથી કરવામાં આવશે. આ નિયમ હેઠળ હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અઠવાડિયામાં માત્ર ૨૪ કલાક કોલેજ કેમ્પસની બહાર કામ કરી શકશે.અગાઉ, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ૨૦ કલાકથી વધુ સમય માટે કેમ્પસની બહાર કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ આ અસ્થાયી નીતિ ૩૦ એપ્રિલે નાબૂદ કરવામાં આવી હતી. મહત્વ નું છે કે કેનેડાના સિટીઝનશિપ મિનિસ્ટર માર્ક મિલરે કહ્યું કે અમે કેમ્પ સની બહાર કામ કરવાની સમય મર્યાદા ઘટાડીને અઠવાડિયામાં માત્ર ૨૪ કલાક કરી રહ્યા છીએ.

## ૭મી મેના રોજ કચ્છની પ્રજા મતદાનની પવિત્ર નૈતિક ફરજ કરે અદા : નંદલાલ છાંગા




**પાછલા ૧૮ વર્ષથી મતદાનની ફરજ ચુકયા વિના નિભાવી રહેલા કચ્છના ઈલેકશન આઈકોને સમગ્ર જિલ્લાની જનતાને ધીંગુ મતદાન કરવાનો કર્યો અનુરોધ**

ગાંધીધામ : દેશમાં લોકસભાની ચૂંટણીનો માહોલ સર્જાયેલો છે. આગામી ૭મીએ ત્રીજા તબક્કાનું મતદાન યોજાવવા પામી રહ્યું છે. કચ્છનો પણ તેમા સમાવેશ થાય છે ત્યારે કચ્છના ઈલેકશન આઈકોન નંદલાલ છાંગાએ સર્વે કચ્છીજનોને ધીંગુ મતદાન કરવાની અપીલ કરી છે. કચ્છ ના અંજાર તાલુકા ના રતનાલ ગામના નંદલાલ છાંગા કચ્છ ઈલેક્શન આઈકોન દરેક ચૂંટણીમાં વોટિંગ કરે છે. છેલ્લા ૧૮ વર્ષથી વોટીંગ કરવા જાય છે. દરેક માણસોને અપીલ કરે છે વોટીંગ કરવુ એ આપણી નૈતિક ફરજ છે કચ્છ ની તમામ જનતા ને અપીલ છે કે આ લોકશાહીનો પર્વ ઉજવવો જોઈએ અને ૭ મે ના વોટીંગ સૌ કોઈએ પ્રથમ વોટીંગ કરવાની ફરજ અદા કરવી જોઈએ.

નંદલાલ છાંગા મતદાન અંગે જાગૃતિ ફેલાવતા કહી રહ્યા છે કે, તમામ ભાઈ -બહેનો એ વોટીંગ કરવું એ આપણી ફરજ છે. જેથી તમામ કચ્છ જનતા ને અપીલ છે કે વોટિંગ કરજો. કચ્છની અંદર ધીગુ વોટીંગ થાય તે માટે પણ શ્રી છાંગાએ અહી અપીલ કરી છે. તેઓ ખુદ પણ ૧૮ વર્ષથી વોટીંગ કરવા જઈ રહ્યા છે. ગ્રામ પંચાયતથી લઈને લોકસભા સુધી ચૂંટણીમાં વોટિંગ તેઓ કરતા રહે છે. કલેકટરશ્રીએ તેઓને કચ્છના ઈલેક્શન હાઈકોન બનાવ્યા છે ત્યારે તેઓ પણ સૌને મતદાન કરવાની જાગૃતીની અપીલ-અનુરોધ કરતા કહી રહ્યા છે કે, આગામી ૭ મેના રોજ કચ્છની જનતા મતદાનની પવિત્ર ફરજ અદા કરે.

# સુરેન્દ્રનગરની સભામાં મોદીના કોંગ્રેસ પર પ્રહાર

## વિશાળ જનસભાને કર્યુ સંબોધન : વિપક્ષને લીધા આડેહાથ

ગાંધનીગર : આજ રોજ મોદીએ સવારે વલ્લમવિદ્યાનગર બાદ સુરેન્દ્રનગરમા વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતુ.

તેઓએ કહ્યુ કે, પાછલા દસ વરસમાં તમે એક પણ કૌભાંડની વાત સાંભળી છે ખરી? કોંગ્રસે તેના કાર્યકાળમાં કૌભાંડો જ કર્યા છ. આ વખતે મતદાનના તમામ રેકોર્ડ તોડવાના છે. હુ આજે ગુજરાતની પ્રજા સમક્ષ મારા કામનુ રીપોર્ટ કાર્ડ આપવા આવ્યો છું. હું ગુજરાત પ્રવાસે આવ્યો છે અને બે દીવસથી તમારો પ્રેમ જોઈરહ્યુ છે. મારા પર આવી જ રીતે આર્શીવાદ બનાવી રાખજો. મને ગુજરાત પર પુરો ભરોસો છે.કોંગ્રેસે તો સમુદ્રથી લઈ અને આકાશ સુધી કૌભાંડો જ આચર્યા છે. કોંગ્રેસના રાજમાં પાડોશીઓ રોજબરોજ બોમ્બ બ્લાસ્ટ કરતા હતા, પણ હવે ભારત આવા આતંકીઓને ઘરમાં ઘુસીને તેમની જ ભાષામાં જવાબ આપી રહ્યું છે. આજે દુનીયામાં ભારતનો ડંકો ગાજી રહ્યો છે.

## ચાર ધામ યાત્રાને લઇને આવ્યા મહત્વના સમાચાર


(એજન્સી દ્વારા)

દેહરાદૂન : ૧૦ મેથી શરૂ થનારી ચાર ધામ યાત્રાને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. જેમાં ઉતરાખંડ સરકારે વીવીઆઈપી દર્શન માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. ચાર ધામ યાત્રાને લઈને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઉત્તરાખંડ સરકારે ફૈં લોકોને ૨૫ મે સુધી ચારધામ યાત્રા પર ન આવવા વિનંતી કરી છે. ઉત્તરાખંડ સરકારે બુધવારે કહ્યું કે પ્રથમ ૧૫ દિવસ દરમિયાન વીવીઆઈપી ભક્તોએ યાત્રામાં ન આવવું જોઈએ જેથી સામાન્ય શ્રદ્ધાળુઓને દર્શનમાં કોઈ મુશ્કેલી સામનો ના કરવો પડે.

ઉત્તરાખંડ સરકારના મુખ્ય સચિવ રાધા રાતુરીએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે. પત્રમાં રતુરીએ જણાવ્યું છે કે “છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યમાં ચાર ધામમાં જનારા શ્રદ્ધાળુઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને આ વર્ષે પણ પ્રથમ ૧૫ દિવસમાં ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવવાની સંભાવના છે. તેમણે કહ્યું, ‘ભક્તોના અણધાર્યા આગમનની સંભાવનાને ધ્યાનમાં રાખીને, વીવીઆઈપી અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ૧૦ મેથી ૨૫ મેના સમયગાળા દરમિયાન ચારધામની મુલાકાત મુલતવી રાખે “

ચાર ધામ તરીકે પ્રખ્યાત ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ ધામની યાત્રા ૧૦ મેથી શરૂ થઈ રહી છે.

## મે. બોરીચીમાંથી 42 વર્ષીય વ્યકિત ગુમ



ગાંધીધામ :મે. બોરીચીમાંથી 42 વર્ષીય વ્યકિત ગુમ થયેલ છે.પરસોતમ રેવાચંદ વાધવાણી, ઉ.વ.૪૨, રહે. તુરી નગર, મેઘપર બોરીચી તા.૨૭/૪/૨૦૨૪ના રોજ કોઈને કહ્યાં વગર ઘરેથી ચાલ્યા ગયેલ છે. જે હજુ સુધી ઘરે પરત આવેલ નથી. જે ઘઉં વર્ણના છે, શરીરે મધ્ય બાધાનો છે.તેઓ ગુજરાતી ભાષા જાણે છે, તેમણે કેસરી શર્ટ અને સફેદ કલરની પેન્ટ પહેરેલ છે. જે કોઈને કાંય દેખાય તો Mo. ૯૫૧૦૦ ૩૧૦૩૨, ૮૭૯૯૪ ૪૮૫૯૫ નંબર પર સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.

## મોદી છે ત્યાં સુધી એસ.સી એસટી અને ઓબીસીની અનામત નહિ હટે : નરેન્દ્ર મોદી



ડીસાઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે ચૂંટણી જાહેર સભાને સંબોધતા વિપક્ષ કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી એસસી એસટી અને ઓબીસીની અનામત નહિ હટે. હું છું ત્યાં સુધી કોંગ્રેસને ધર્મના આધારે અનામતનો ખેલ નહીં ખેલવા દઉં. ગુજરાતમાં બે દિવસના પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર માટે ડીસા ખાતે યોજાયેલ ચૂંટણી સભાને સંબોધતા વિપક્ષ કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું હતું કે હિંમત હોય તો સામે આવીને વાર કરો બે- બે હાથ કરો બતાવી દઈશું દાળ-ભાત ખાવા વાળો શું કરી શકે છે.તેમણે કહ્યું હતું કે ગુજરાતની પ્રજાએ રાજ્યમાં ક્યારેય અસ્થિર સરકાર નથી આવવા દીધી પ્રજાએ કોંગ્રેસને ગુજરાતમાંથી હટાવી છે અને આજ સુધી કોંગ્રેસને પગ નથી રાખવા દીધો.કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું હતું કે કોંગ્રેસ પાસે ન તો કોઈ મુદ્દા છે ન તો તેમની પાસે કોઈ વિઝન છે.

તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી મોદી છે અને ભાજપ છે ત્યાં સુધી બાબા સાહેબે જે આરક્ષણ આપ્યું છે અને જ્યાં સુધી મોદી છે ત્યાં સુધી એસસી એસટી અને ઓબીસી અનામત નહિ હટે. તેમણે કહ્યું હતું કે ભાજપ શું કામ કરી શકે છે તે પહેલા ૧૦૦ દિવસમાં જ બતાવ્યું છે. માત્ર બધી બેઠકો જીતીને મારે સંતોષ નથી માનવા નો આપ ણે બધા પોલિંગ બૂથ જીતવાના છે માટે આપણે દરેક બુથ ઉપર કમળ ખીલાવવાનું છે.ડીસા ખાતે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોજાયેલી જાહેર સભામાં હજારોની સંખ્યામાં લોકો ઉમટયા હતાં.પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલે જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે આપણે ભરતસિંહ ડાભી અને રેખાબેન ચૌધરીને જંગી બહુમતીથી જીતાડવાના છે આપણે સૌનો સાથ સૌનો વિકાસ ને સાથે લઈને ચાલી રહ્યા છીએ.

## પહેલા પાનાથી...

**મોદીની એન્ટ્રીથી**

રહ્યા છે. રાષ્ટ્રથી મોટું કંઈ નથી. કચ્છના મહારાણી પણ તરફેણમાં છે. રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખી કોઈપણ વાદ વિવાદમાં ન પડવું જોઈએ. તો સાથે જ, કચ્છ, ભાવનગર, વાંકાનેર, ગોંડલ, દેવગઢ બારીયા, બાલાસિનોર, દાંતા સ્ટેટ, પાલિતાણા, સાણંદ, જસદણ, વિરપુર, વલભીપુર, ઢાંક, બજાણા, દેવપુર, નલિયા, ચોટીલા, ગૌરીદડ, ચોટીલા કોઠારીયા, રાજપરા, બાબરા, બીલખા, કાનપુર, માખાવડ, સાપર, મેંગણી અને પાળીયાદ સહિતના સ્ટેટના રાજવીઓએ પત્રના માધ્યમથી નરેન્દ્ર મોદીને સમર્થન આપ્યું હતું.

**શ્રીલંકામાં પોર્ટ**

ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવી હતી.તમને જણાવી દઈએ કે કંકેસથુરાઈ બંદર એક સમયે શ્રીલંકાનું વ્યસ્ત બંદર હતું. આ બંદર દ્વારા, જાફના દ્વીપકલ્પ શ્રીલંકાના અન્ય ભાગો સાથે જોડાયેલું હતું. પરંતુ શ્રીલંકામાં ગૃહયુદ્ધ દરમિયાન એલટીટીઈના આતંકવાદીઓએ આ બંદર પર હુમલો કરીને તેને નષ્ટ કરી નાખ્યું હતું. આ પછી, આ બંદર પરથી કોમર્શિયલ કામગીરી ઠપ થઈ ગઈ.

## ભુજમાં ટ્રેન તળે આવી જતાં યુવાનનું મોત

ભુજ : શહેરમાં રેલવે સ્ટેશન નજીક ગઈકાલે રાત્રે ટ્રેન તળે આવી જવાના કારણે યુવાનનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. ગઈકાલે રાત્રે આ બનાવ બન્યો હતો. કોઈ અજાણ્યા ૩૫થી ૪૦ વર્ષની આયુના યુવાનનું મોત થવા પામ્યું હતું. હતભાગીના દેહને જી.કે.માં રાખવામાં આવ્યો હતો. તેની ઓળખના ચક્રોગતિમાન કરાયા છે. અત્રે મહત્વનું છે કે, રેલવે ટ્રેકની નજીક સિવિલ વિસ્તાર તેમજ હાલમાં રિનોવેશનના કારણે પાર્સલ ઓફિસ પાસેથી રસ્તો ખુલ્લો છે. અકસ્માતના આ પ્રમાણેના બનાવો અટકાવવા માટે ટ્રેક આસપાસ આરપીએફ દ્વારા પેટ્રોલિંગ વધારાય તે જરૂરી છે. બે દિવસ પૂર્વે જ ગળપાદરમાં ટ્રેક પર ભેંસ ફસાઈ જતા માલધારી યુવાન તેને બહાર કાઢવા ગયો જેમાં અબોલ જીવનો જીવ બચી ગયો, પણ ટ્રેન તળે આવી જવાના કારણે માલધારીનું મોત થયું હતું.

### જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે કવાયત

# કચ્છના મતદારો નિરુત્સાહી હોવાનું મ્હેણું ભાંગશે ?

**દેશની સૌથી મોટી બેઠક પૈકીની કચ્છ બેઠક પર લોકસભા ચૂંટણીમાં માત્ર બે વખત ૬૦ ટકાથી વધુ નોંધાયું છે મતદાન : ૧૯૯૬ની ચૂંટણીમાં સૌથી ઓછું માત્ર ૩૮.૩ ટકા થયું હતું મતદાન**

**જિલ્લા ચૂંટણી તંત્ર, સામાજિક - શૈક્ષણિક સંસ્થાઓ, એનજીઓ અને રાજકીય પક્ષોની મતદાન માટેની અપીલ : કાળઝાળ ગરમી અને ઉનાળુ વેકેશને રાજકીય પક્ષોની ચિંતા વધારી**

ભુજ : કચ્છ લોકસભા બેઠક પર મતદાન ઉંચુ થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા શ્રેણીબદ્ધ મતદાતા જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા થોડા વર્ષોથી લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં મતદાન વધે તે માટે વ્યાપક અભિયાન ચલાવવામાં આવે છે, પરંતુ અત્યાર સુધી યોજાયેલી લોકસભાની ચૂંટણીઓમાં કચ્છ બેઠક પર માંડ બે જ વખત ૬૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે.

દેશની સૌથી મોટી લોકસભા બેઠકો પૈકી કચ્છની લોકસભા બેઠક વિસ્તારની દ્રષ્ટિએ તો વિશાળ છે. આ ઉપરાંત આ જિલ્લાના એક લોકો વેપાર-ધંધા કે નોકરી હેતુ દેશ-વિદેશમાં સ્થાયી થયા છે, જેની અસર પણ મતદાનની ટકાવારી પર ઓછા-વધુ અંશે દેખાતી હોય છે. લોકસભાની ચૂંટણી સંદર્ભે વાત કરીએ તો કચ્છના મતદારોનો મિજાજ નિરુત્સાહી જ રહ્યો છે. પ્રથમ લોકસભાની ચૂંટણી અને વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે ૬૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે. જયારે ૧૯૯૬ની લોકસભાની ચૂંટણીમાં માત્ર ૩૮.૩ ટકા મતદારોએ જ પોતાની બંધારણીય ફરજ નિભાવી હતી.કચ્છ જિલ્લાના મતદારો લોકશાહીના મહાપર્વ ચૂંટણીમાં ઉત્સાહપૂર્વક મતદાન કરતા નથી તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. જિલ્લામાં મતદાન વધે તે માટે ચૂંટણી તંત્ર ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ, એનજીઓ તેમજ ખુદ રાજકીય પક્ષો દ્વારા જનજાગૃતિના પ્રયાસો કરવામાં આવે છે. અત્યાર સુધી યોજાયેલી ૧૭ લોકસભા ચૂંટણીમાં ૧૯૫૨માં ૬૫.૯ અને ૨૦૧૪માં ૬૧.૭ ટકા મતદાન થયું છે. વર્ષ ૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૯, ૨૦૦૪ અને ૨૦૦૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં તો પૂરા ૫૦ ટકા મત પણ પડ્યા ન હતા.આ વખતેની લોકસભાની ચૂંટણીમાં ઓછા મતદાનનું મ્હેણું ભાંગે અને કચ્છ બેઠક પર ઉંચુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી તંત્ર, રાજકીય પક્ષો, શૈક્ષણિક - સામાજિક સંસ્થાઓ અને એનજીઓની અપીલ કેટલી અસરકારક રહેશે તેનો ખૂલાસો મતદાનના દિવસે થઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, મતદાન વધે તે માટે સોશ્યલ મીડિયામાં કેટલીક ટકોર થઈ રહી છે જેમાં સરકાર અફવા સ્વૈચ્છીક સંસ્થા દ્વારા મતદાન દિવસો જમવાની વ્યવસ્થા કરાય તો મહિલાઓને મતદાન ટકાવારી વધુ તેવી અનેક ટકોર થઈ રહી છે. જે હોય તે પણ સરકાર મતદાન વધુ તે માટે અનેક કાર્યક્રમો અને આયોજનના ખર્ચા કરે છે તે ત્યારે જ સિદ્ધ થાય જયારે મતદાન વધે.

# જ્યાં સુધી વિખવાદ હોય ત્યાં સુધી ડ્રો સિસ્ટમ પુરી કરી નાખવી





**ટ્રક ઓનર્સ એસોસિએશનની મળેલી સામાન્ય સભામાં ચર્ચાઓ કરાઈ : તાત્કાલીક નિર્ણય લેવામાં આવે તેવી ચીમકી ઉચ્ચારાઈ**

ભુજ : ટ્રક એસોસિએશનમાં થોડા દિવસોથી બંને જુથ સામે આવી જતાં ડ્રો પધ્ધતિ બંધ પડી ગઈ હતી. આ અંગે કચ્છ જિલ્લા લિગ્નાઈટ ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા મળેલી મીટીંગમાં બંને જુથ આપસમાં સમજોતા કરે અથવા તાત્કાલીક ધોરણે નિર્ણય લે જેથી આ વ્યવસ્થા સાથે સંકળાયેલા લોકોને આજીવિકા ઉપર કોઈ અસર ન આવેબીજા નંબરનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ફરીથી ધમધમતો થઈ જાય. નહી તો ડબ્બા પધ્ધતિ ઉપાડી લેવી પડે અથવા ડ્રો પધ્ધતિ ટ્રાન્સપોર્ટ એસો. ચલાવે તેવી જાણ કરાઈ હતી.

ગઈકાલે મળેલી જનરલ મીટીંગ મળી હતી. જેમાં ટ્રક ઓનર્સના બે ગ્રુપ પડી ગયા છે. કોઈ એક ગ્રુપ દ્વારા ડ્રો સીસ્ટમ ચાલી શકે તેમ નથી અને બંને ગ્રુપને ચીઠ્ઠી આપવાનો કોઈ મતલબ નથી એટલે સર્વાનુમતે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે કોઈ એક ગ્રુપને અથવા બંને ગ્રુપને ચીઠ્ઠી આપવી નહી સાથે એવો એક વિચાર રજુ કરવામાં આવ્યો હતો કે જયાં સુધી વિખવાદ હોય ત્યાં સુધી ડ્રો સીસ્ટમ પુરી કરી નાખવી જોઈએ. ફરી જયારે એસોસીએશન એક બંને ત્યારે ડ્રો સીસ્ટમ ચાલુ કરી શકાય.

આ સીસ્ટમ અત્યારની સ્થિતિમાં બંધ રહેવાથી બંને સંસ્થાને મોટું નુકશાન થાય તેમ છે. ગાડીવાળાને પુરતા મળે નહી જે રેગ્યુલર ગાડીવાળા કામ કરે છે તેમાં ટકરાવ ઉભો થાય તેમ છે. ટ્રાન્સપોર્ટ એસો. દ્વારા સામાન્યસભા બાદ ટ્રક માલિક મંડળને આ બાબતે લેખિતમાં પ્રમુખ સતિષ મીરાણી અને મંત્રી ધર્મેન્દ્રસિંહ ઝાલાની સહી સાથેનો પત્ર લખવામાં આવ્યો હતો. સમસ્યાનો યોગ્ય નિરનકરણ ન આવે ત્યાં સુધી ડબ્બો ઉપાડી લેવો અથવા ટ્રાન્સપોર્ટ સંગઠન ડબ્બો ચલાવે કોઈ એક ગ્રુપને ડબ્બો ચલાવવા આવી શકાય નહી. તેવું સ્પષ્ટ રીતે જણાવાયું હતું. બે ગ્રુપનો વિખવાદ શાંત થાય ત્યાં સુધી ડબ્બો ઉપાડી લેવો પણ યોગ્ય નથી તેવું મળેલી સભામાં ચર્ચા થઈ હતી. હાલની પરિસ્થિતિને જોતા વ્યવસાય બંધ રાખવો હિતાવહ ન હોવાથી તાત્કાલિક સમાધાન કરી લેવા બંને જુથને જણાવાયું હતું.

## મુંદરા મંડલ વડાલા શક્તિ કેન્દ્રના કાર્યલયનું ઉદ્દઘાટન કરાયું







મુંદરા : શહેર મંડલના વડાલા શકિત કેન્દ્રના કાર્યાલયનું ધર્મગુરૂ પચાણડાડાના હસ્તે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અને મંડલ પ્રભારી રમેશભાઈ મહેશ્વરી, તાલુકા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ ગોવિંદભાઈ ધુવા, જિલ્લા પંચાયત સદસ્ય પ્રધ્યુમનસિહ જાડેજા, વડાલા સંરપચ શામજીભાઈ મહેશ્વરી, લધાભાઈ રબારી, અનુસૂચિત જાતિ મોરચાના મંત્રી ચંદ્રકાન્તભાઈ ગોરડીયા, સમાજના આગેવાનો કમલેશભાઈ ધેડા, તાલુકા પંચાયત દંડક દિનેશભાઈ દાફડા, આશા આતુ, નારાણ સામત મહેશ્વરી, ગોવિંદભાઈ ગઢવી, નવીન રબારી, રવા ભીમા જોગી, જીતુ સોધરા, ભનુ જોગી, કિશોર જોગી, ભીખુ ઠક્કર, માવુભા, ખુમાનસિહ, ખીમજી ગઢવી, રમેશભાઈ જોગી, રવા વશુ, નથુ કાના, નારાણ જોગી તથા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### આદિપુરમાં વૃદ્ધે ફાંસો ખાઈ લીધો

ગાંધીધામ : આદિપુરમાં વોર્ડ નં.૫/એ ક્રિષ્ના પાર્ટી પ્લોટની બાજુમાં વૃદ્ધે ફાંસો ખાઈ લીધો હતો. ૭૦ વર્ષિય ઢીગાજી માલાજી ભીલે બુધવારે બપોરે અઢીથી પોણા ત્રણના અરસામાં પાર્ટી પ્લોટમાં ગમછા વડે ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લેતા આદિપુર પોલીસે એડી દાખલ કરી મોતના કારણો જાણવા તપાસ હાથ ધરી છે.

### કષ્ટભંજન હનુમાન મંદિરે એક શામ સંસ્કારો કે, નામ શિર્ષક હેઠળ સંગીત સંધ્યા યોજાશે

માધાપર : અહીં આવેલા કષ્ટભંજન હનુમાન મંદિર રામનગરી ખાતે એક શામ સંસ્કારો કે નામ શિર્ષક સાથે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા અને સ્વદેશી ઉત્થાન સમિતિ કચ્છ સહયોગી રહેશે. સનાતન વૈદિક ધર્મના પ્રચાર માટે અંજલિબેન આર્ય (હરિયાણા)એ પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેમના દ્વારા હનુમાન મંદિર રામનગરી ખાતે તા. ૨-૪ના રાત્રે ૮:૩૦ કલાકે એક શામ સંસ્કારો કે, નામના ટાઈટલ સાથે સંગીત સંધ્યાનું આયોજન આજે કરાયું છે.

## પશ્ચિમ કચ્છ આહિર સમાજ નખત્રાણા વઈના હોદ્દેદારોની વરણી કરાઈ







નખત્રાણા : અહીં આહીર સમાજવાડી મધ્યે પશ્ચિમ કચ્છ આહીર સમાજ નખત્રાણા વઈની જનરલ મીટીગ બોલાવામા આવી હતી, જેમા આગેવાનો મમુભાઈ આહીર, વેલજીભાઈ આહીર, રવજીભાઈ આહીર, વાલજીભાઈ આહીર, દેવજીભાઈ આહીર, હસરાજભાઈ આહીર, રવજીભાઈ આહીર, જેસાભાઈ આહીર, રમેશભાઈ આહીર, કાનજીભાઈ આહીર, નરોતમભાઈ આહીર તથા દરેક ગામના આગેવાનો હાજર રહયા હતા.

આગેવાનોની સુચનાથી નવી ટીમની વરણી કરવામા આવી હતી, જેમા નરોતમભાઈ આહીરે નામ જાહેર કર્યું હતું અને પ્રમુખ તરીકે હમીરભાઈ કારાભાઈ આહીર (નિરોણા)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. મંત્રી દાનાભાઈ નથુભાઈ આહીર (નથ્થરકુઈ), ઉપપ્રમુખોમાં ખેતાભાઈ ખેગારભાઈ આહીર (આમારા), રામાભાઈ નારાણભાઈ આહીર (જાડાય), ગોવિંદભાઈ દાનાભાઈ આહીર (કોટડા) અને ખજાનચી ગોવિંદભાઈ કરશનભાઈ (વંગ) તથા કારોબારી સભ્યો, સલાહકાર સમિતીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સંચાલન ભીમજીભાઈ આહીરે આભારવિધી પશ્ચિમ કચ્છ આહીર યુવક મંડળના પૂર્વ પ્રમુખને હાલ મંત્રી દાનાભાઈ આહીરે કરી હતી. આગામી એજન્ડામાં સમાજને લગતા પ્રશ્ન આરોગ્ય, શિક્ષણ, સમાજમા કુરીવાજો દુર કરવા, વ્યસન મુક્ત બનાવા, ખોટા ખર્ચ પર કાબુ રાખવા, સંગઠન એજ શક્તિ સહિતના મુદાઓની ચર્ચા કરવામાં આવી હતી.

## વાગડમાં શરીર સંબંધી અને દારૂના ગુનામાં સંડોવાયેલા પાંચ શખ્સોને હદપાર કરાયા









**ચૂંટણી પૂર્વે પોલીસની કાર્યવાહી**



ભચાઉ : આગામી લોકસભા ચૂંટણી અન્વયે ભચાઉ ડિવિઝનના પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સંબંધી તથા પ્રોહિબિશનના ગુના આચરતા પાંચ શખ્સોને હદપાર કરવામાં આવ્યા છે. આરોપી મનફરાના હિતેશ કરશન કોલી, લાખાપર વિજય રામા કોલી, આડેસરના જયેશભા પુંજાભા ગઢવી, શિવાભા મોહન ગઢવી, હસુભા પુંજાભા ગઢવીને કચ્છ ઉપરાંત બનાસકાંઠા, પાટણ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યા છે. ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સૂર્યવંશી દ્વારા હદપારની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. આ કામગીરીમાં ડીવાયએસપી સાગર સાંબડા, પીઆઈ એસ.વી.ગોજીયા, પીએસઆઈ વી.આર.પટેલ, બી.જી.રાવલ સહિતના જોડાયા હતા.

### છાડુરાના સીમાડામાં સુકા ઘાસમાં લાગેલી આગ એક કિ.મી. સુધી ફેલાઈ

ભુજ : અબડાસા તાલુકાના છાડુરા ગામના સીમાડામાં ગઈકાલે બપોરના ભાગે આગ લાગી હતી. જોતજોતામાં આગ વિકરાળ બનતા એક કિ.મી. સુધી ફેલાઈ હતી. જેના કારણે નલિયા-વાયોર માર્ગ પર વાહનોના ખડકલા થઈ ગયા હતા. નલિયા એરફોર્સના ફાયર બ્રિગેડે સ્થળ પર આવી આગ બુઝાવી હતી. આગનું કારણ અકબંધ રહેવા પામ્યું છે. સુકુ ઘાસ હોવાના કારણે આગ દૂર સુધી ફેલાઈ હતી.

## વાગડના મારામારીના ત્રણ કેસમાં અદાલતે સજા ફટકારી

ગાંધીધામ : વાગડમાં સામે આવેલા મારામારીના ત્રણ કેસમાં અદાલતે સજા ફરમાવી હતી. નંદાસરમાં વર્ષ ૨૦૧૪ મા જમીનના ભાગલા પડી ગયા હોઈ આરોપીઓ ત્રિવેણીબેન રામજીભાઈ ચૌધરી અને રામજીભાઈ કેશાભાઈ ચૌધરીએ મનદુઃખ રાખીને ફરિયાદી આંબા કેશા ચૌધરીને માથાના ભાગે તથા ડાબા હાથે ઈજા પહોંચાડી હતી. જે કેસમાં અદાલતે આરોપીઓને તકસીરવાન ઠેરવ્યા છે. જયારે આ જ કેસમાં પ્રતી ફરિયાદ થઈ હતી. જેમાં ફરિયાદી ત્રિવેણીબેન રામજીભાઈએ આરોપી આંબાભાઈ કેશાભાઈ ચૌધરી સામે ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં આંબાભાઈ તકસીરવાન સાબીત થયા છે. જયારે મારામારીના વર્ષ ૨૦૧૭ મા સામે આવેલા કેસમાં મનજી ગોવા કોલી, મહાવીર ઉર્ફે માવજી ગોવા કોલી, પ્રભુ મનજી કોલી અને મહેશ મનજી કોલીએ ફરિયાદી ડાયા પાંચા કોલીને ચૂંટણીમાં બહુ હેરાન કર્યા છે તેમ કહી માર માર્યો હતો. આ કેસમાં આરોપીઓને તકસીરવાન ઠેરવી ફરિયાદી અવસાન થયા હોઈ તેમના પત્નીને પાંચ હજાર વળતર ચૂકવવા આદેશ કર્યો હતો. મદદનીશ સરકારી વકીલ વી.કે.હઠીલાએ ઉપસ્થિત રહી દલીલો કરી સમાજમાં દાખલારૂપ હુકમ કરાવ્યા હતા.

## અંજાર ધોરીમાર્ગ પર બેફામ દોડતા ટ્રેઈલરે સ્વિફ્ટમાં જતા યુવાનનો ભોગ લીધો

**હાઈવે માર્ગો પર બેલગામ દોડતા ભારે વાહનો સામે કાર્યવાહી કરવામાં તંત્ર સુસ્ત સાબિત થયું**

અંજાર : કચ્છના ધોરીમાર્ગો જાણે બ્લેક સ્પોટમાં ફેરવાઈ ગયા હોય તેમ દરરોજ અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે. તાજેતરમાં મુન્દ્રાના હટડી પાટીયા પાસે ટ્રેઈલરની આગળ લગાવેલ તિક્ષ્ણ સેફટી ગાર્ડના કારણે બે યુનોના મોત થયા હતા. જે કેસમાં મરીન પોલીસે કાર્યવાહી કરીને ચાલકને ઝડપી લેવા સાથે મુન્દ્રા વિસ્તારમાં બેફામ વાહન ચલાવતા ત્રણ ચાલકને ઝડપી લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરી હતી, પરંતુ આવી કાર્યવાહી માત્ર ઘટના બને પછી થતી હોઈ ચાલકોમાં કોઈ ધાક બેસી નથી. જેના કારણે વધુ એક આવો અકસ્માત અંજાર-મુન્દ્રા હાઈવે રોડ સૂર્યા કંપનીની થોડે દૂર બન્યો હતો. મુન્દ્રાના સમાઘોઘામાં રહેતા વિજયસિંહ હકુમતસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, તે અને સાહેદ મયૂરસિંહ પ્રદિપસિંહ જાડેજા તેમજ વિશ્વરાજસિંહ સ્વિફ્ટ ગાડીમાં જતા હતા તેમની આગળ જતું પાઈપ ભરેલા મહાકાય ટ્રેઈલરના ચાલકે અચાનક પોતાનું વાહન ડાબી બાજુ દબાવતા પાછળથી આવતી સ્વિફ્ટ ગાડીમાં ઘૂસી જતા ત્રણેયને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં વિશ્વરાજસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજાને માથાના ભાગે ઈજાઓ થતા મોત થયું હતું. અકસ્માત સર્જીને ચાલક ભાગી ગયો હતો જે અંગે અંજાર પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

## ગાંધીધામના ડ્રગ્સ કેસમાં આરોપીને જામીનમુક્ત કરાયો

ગાંધીધામ : તપાસ કરનાર અધિકારીની ગંભીર બેદરકારીના કારણે ૨૩,૫૦,૦૦૦ જેટલી માતબર જાથાના એમડી ડ્રગ્સના કેસમાં તપાસ કરનારની બેદરકારીના કારણે સેશન કોર્ટ દ્વારા આરોપીને જામીન મુકત કરવાનો હુકમ ફરમાવેલ બનાવની હકિત એવી છે કે, ગાંધીધામમાં ૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રેલવે સ્ટેશનથી બસ સ્ટેશન જતા રસ્તા ખાતે બનાવ નોંધાયેલ ફરી આયડી એસઓજી પીએસઆઈને બાતમી હકિકત મળેલ કે, એક ઈસમ સોલ્ડર બેગ લઈને ગાંધીધામ રેલવે સ્ટાઈઓન તરફથી બસ સ્ટેશન તરફથી ચાલીને જોવામાં આવેલ જેની અંગ જડતી કરતા ૨૩.૫૯૦ ગ્રામ કોકેઈન મળી આવેલ ત્યારબાદ આરોપીને કોર્ટમાં રિમાન્ડની માંગણી કરતા ૧૪ દિવસના મંજૂર કરેલ ત્યારબાદ આ ગુનાની તપાસ ૬૦ દિવસમાં પૂર્ણ કરવાની હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા સમય મર્યાદામાં ચાર્જસીટ દાખલ ન કરેલ જે મુજબ આરોપી દ્વારા જામીન અરજી સેશન કોર્ટ મુકામે દાખલ કરેલ, જેમાં તપાસ કરનાર દ્વારા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત હોવા છતાં ચાર્જશીટ ૯૦ દિવસે દાખલ કરવાની હોય તેવા તર્ક સાથે કોર્ટ સમક્ષ હાજરરહીને લેખિત દલિલ રજુ કરેલ તેમજ જામીન અરજીના વિરોધમાં સોગંધનામા ઉપરાંત લેખિત દલિલ રજુ કરેલ જેમાં આરોપી પક્ષ દ્વારા લેખિત દલિલ સાથે ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંતો સાથેની દલિલ રજુ કરેલ તેમજ દલિલના સમર્થનમાં ૧૦થી વધુ જજમેન્ટ રજુ કરેલ અને પક્ષોની દલિલોને ધ્યાને લેધા બાદ સેશન કોર્ટ દ્વારા આરોપી તરફેના અધિકાર તેમજ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લઈને આરોપીને જામીન મુકત કરવાનો હુકમ ફરમાવેલ તેમજ તપાસ કરનારને ચાર્જશીટ ૬૦ દિવસમાં ના કરેલ હોવાના કારણે ડીફોલ્ટ બેલ મંજુર કરેલ તેમજ તપાસ કરનારના ૯૦ દિવસના તર્ક જે કાયદાકીય જોગવાઈ વિરૂદ્ધ હોઈએ જામીન મંજૂર કરવાનો હુકમ કર્યો હતો. આરોપી પક્ષના વકિલ તરીકે હરેશ એચ. કઠિયા, અલ્પેશ આર્યા, હરેશ કે. ડુંગરિયા, રોહન જાટાવડિયા હાજર રહી દલિલો કરી હતી.

## ભુજથી ખાવડા રૂટની બસો અચાનક બંધ કરાતા પ્રવાસીઓ હેરાન

**એસટી બસો બંધ કરવામાં આવતા ખાનગી વાહન ચાલકોને બખ્ખા : સત્વરે આ રૂટની બસો શરૂ કરવા સ્થાનિકોની માંગ**

ભુજ : ભુજથી ખાવડા રૂટની બસો અચાનક જ બંધ કરી નાખવામાં આવતા પ્રવાસીઓને હેરાન થવાનો વારો આવ્યો છે. બસો બંધ થવાના કારણે લોકોને ના છૂટકે ડબલ ભાડુ ભરીને ખાનગી વાહનોનો આસરો લેવો પડી રહ્યો છે.

આ અંગે સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ હાલે ખાવડા ગામે વિશ્વ વિખ્યાત સોલાર પ્રોજેકટનું કામ ચાલી રહ્યું છે, જેના કારણે દરરોજના ૨૦૦થી ૨૫૦ મજૂરો ભુજથી ખાવડા આવન જાવન કરે છે. તેઓ બસની રાહ જોઈ અને બેઠા હોય છે. પરંતુ ભુજ ડેપોના અધિકારીઓ દ્વારા અચાનક બસના રૂટ બંધ કરી નખાતા પ્રવાસીઓ રઝળી પડે છે અને ખાવડા પહોંચવા વધુ ભાડુ ચુકવી ખાનગી વાહનોનો આસરો લેવો પડી રહ્યો છે. એસટી તંત્ર દ્વારા સવારે ૮ વાગ્યે ઉપડતી ભુજ - ખાવડા, તેમજ ભુજથી બપોરે ૪ કલાકે ઉપડતી ખાવડા ઈન્ટરસિટી બસ રૂટ બંધ કરવામાં આવેલ છે. જયારે ખાવડા ગામના વેપારી, મજૂરો તેમને ખાવડાથી પાંચ વાગ્યા પછી કોઈ પણ ભુજ જવા માટે બસની વ્યવસ્થા નથી. જેથી તંત્રને સ્થાનિક લોકો દ્વારા અવાર નવાર રજૂઆત કરવા છતાં આ રૂટની એસટી બસો શરૂ કરવામાં આવી નથી. ત્યારે વહેલી તકે આ રૂટ શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### ટ્રેનની હડફેટે નંદી ચડતાં ગંભીર ઈજા થતા સારવાર કરાઈ



ભચાઉ : માનસરોવર ફાટક પાસે ટ્રેનની અડફેટે નંદી ચડતા ગોપ્રેમીઓ દ્વારા સારવાર માટે જીવદયા કામ કરતી સંસ્થાને ગૌપ્રેમીઓ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો.

ઘવાયેલ નંદીને સારવાર અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. આ કામગીરી જીવદયા ગોપ્રેમીઓ ભાજપ યુવા પ્રમુખ પીન્ટુભાઈ ગઢવી, રામભાઈ ગઢવી, બાબુભાઈ, રાહુલભાઈ ઠાકોર, ગણેશભાઈ સહિતના જોડાયા હતા.

## નવ દંપતિએ માનવ સેવાને મહત્વ આપી લગ્નની અનોખી ઉજવણી કરી

રાપર : દરીયાસ્થાન મંદિર ખાતે દર મહિને ઓગણત્રીસ તારીખે રાજકોટ સ્થિત રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાગડ વિસ્તારમાં લોકોની આંખ માટે નેત્ર નિદાન કેમ્પનુ આયોજન દરીયાસ્થાન મંદિર ખાતે કરવામાં આવી રહ્યું છે ત્યારે આ વખતે યોજાયેલા નેત્ર નિદાન કેમ્પમાં રાપર લોહાણા યુવક મંડળના પ્રમુખ ચાંદ દિલીપભાઈ ભીંડે અને સોનલબહેન પરેશભાઈ રૈયા લગ્નજીવનની ગાંઠે બંધાયા હતા. ત્યારે બીજા દિવસે રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ અને રાપર લોહાણા સમાજના સહયોગથી દરીયાસ્થાન મંદિર ખાતે યોજાયેલા નેત્ર નિદાન કેમ્પના આયોજનના દાતાયનવ દંપતિ ચાંદભાઈ ભીંડે અને સોનલબહેન બન્યા હતા. માનવ સેવાને મહત્વ આપનાર રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટના ઉદેશ અનુસાર નવ દંપતિએ માનવ સેવાને મહત્વ આપી લગ્નની અનોખી ઉજવણી કરી હતી. કેમ્પમાં ૧૪૦ લોકોની તપાસ ડો. અલ્કેશભાઈ ખેરડીયા, લલીતભાઈ દ્વારા કરવામાં આવી હતી જેમાંથી ૪૦ જેટલા લોકોના વેલ, મોતીયાના ઓપરેશન રાજકોટ ખાતે રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટની હોસ્પિટલ ખાતે કરવામાં આવશે.





કોટડા રોહા મધ્યે ૧૧૭મો ઐતિહાસિક ધ્વજારોહણનો પ્રસંગ પ્રવતક પ.પૂ. મલયસાગરજી મ.સા. આદિ ઠાણા-૨ની નિશ્રામાં તથા વિશાળ માનવ મેહરામણની હાજરીમાં વિધિકાર હાર્દિકભાઈ શાહની સંગાથે ધામધૂમથી ઉજવાયો હતો.

### મેઘપર (કુંભારડી) અને નાની હમીરપરમાં રૂપિયા બાબતે મારામારી

ગાંધીધામ : અંજાર તાલુકાના મેઘપર (કુંભારડી) અને રાપરના નાની હમીરપરમાં રૂપિયા બાબતે મારામારી થઈ હતી. મેઘપરના રવેચીધામ-૧ મા રહેતા ફરિયાદી પ્રફુલ્લભાઈ ગણપતભાઈ પટેલે અંજાર પોલીસમાં જણાવ્યું કે, આરોપી શિણાઈમાં રહેતા અજયસિંહ ભરતસિંહ જાડેજાએ ફરિયાદીના ઘરે આવી હાથઉછીના રૂપિયા બાબતે ગાળાગાળી કરી માર મારી આંગળીમાં બટકુ ભરી આંખ પાસે નખ વગાડી સામાન્ય ઈજા પહોંચાડતા અંજાર પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જયારે હમીરપર મોટીમાં રહેતા રમેશભાઈ અરજણભાઈ ભોજકે હમીરપર નાનીમાં રહેતા હેમાભાઈ વિરાભાઈ કોલી, ભરતભાઈ વેશાભાઈ કોલી, મોમાયાભાઈ નામેરીભાઈ કોલી સામે ફરિયાદ લખાવી હતી. જે પ્રમાણે ફરિયાદીને આરોપી હેમાભાઈ પાસેથી મજૂરીને રૂપિયા લેવાના છે જે બાબતે બોલાચાલી થઈ હતી. જેમાં આરોપીઓએ ફરિયાદીને મારમારી ઈજાઓ પહોંચાડી હતી.

## કચ્છમાં યેલો એલર્ટ : પ્રખર તાપથી થશે કસોટી

ભુજ : સપ્તાહના અંત સુધી આકરી ગરમીથી કચ્છવાસીઓની કસોટી થશે. કચ્છ જિલ્લામાં વધુ બે દિવસ માટે યલો એલર્ટ જારી કરાયું છે. જિલ્લા મથક ભુજમાં મહતમ તાપમાનનો પારો ફરી એક વખત ૪૦ ડિગ્રીએ પહોંચ્યો છે. પ્રખર તાપના પગલે કચ્છનું જનજીવન પ્રભાવિત થયું છે.

મે મહિનાના પ્રથમ સપ્તાહમાં આકરી ગરમીથી કચ્છવાસીઓની કસોટી થઈ રહી છે. જિલ્લાના તમામ મથકો પર તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. મધ્યાહન સમયે પ્રખર તાપના લીધે માર્ગો સૂમસામ બની જાય છે. કાળઝાળ ગરમીના પગલે લોકો બિનજરૂરી કારણોસર ઘરમાંથી બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. બપોરના સમયે અંગ દઝાડતા પ્રખર તાપથી પશુ - પંખીઓ પણ આશરો શોધતા નજરે ચડી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સપ્તાહના અંત સુધીમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. એપ્રિલ માસના અંતિમ સપ્તાહથી ગરમીનું પ્રમાણ ઉત્તરોતર વધતું રહ્યું છે. મહતમ તાપમાનમાં વધારા સાથે પ્રતિકલાક આઠ કિલોમીટરની ઝડપે ફુંકાયેલા પવનથી લૂની આણ વર્તાઈ હતી. રાત્રીના સમયે પણ તાપમાન ૨૩થી ૨૫ ડિગ્રીની આસપાસ રહેતા રાત્રીના ભાગે પણ લોકો ઉકળાટથી પરેશાન થયા હતા.

કાળઝાળ ગરમીના પ્રભાવ વચ્ચે લોકસભા ચૂંટણી પ્રચાર અંતિમ દૌરમાં પહોચ્યો છે, ત્યારે પોતાના ઉમેદવારની તરફેણમાં મતદાનની ડોર ટૂ ડોર અપીલ કરવા નિકળતા રાજકીય પક્ષોના કાર્યકરોને આકરી ગરમીના પગલે પરેશાની ઉઠાવવી પડી રહી છે, પરંતુ કાર્યકરો લોકોને મતદાનના દિવસે વહેલી સવારે જ મતદાન કરી લેવા જણાવી રહ્યા છે.

# અમૃત પેઢી બનશે વિકસિત ભારતની સારથી : વિનોદભાઈ ચાવડા






ભુજ : કર્મનિષ્ઠ, પરિણામ લક્ષી નેતૃત્વનાં પ્રેરણા મૂર્તિ, ભારતના વિકાસનો વણથંભ્યો વિસ્તાર કરનાર ગતિશીલ સરકારે દશ વર્ષમાં સર્વાંગી વિકાસ સાધી દેશને વિશ્વસ્તર પર અગ્રતાક્રમે પહોંચાડનાર નરેન્દ્રભાઈ મોદી અને ભાજપની સરકાર 'ફીર એકબાર મોદી સરકાર' ના સૂત્રને સાર્થક કરવા અને ભારત માતાના સંતાનોની સુખ - સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે આપણે સૌ સંકલ્પિત અને સમર્પિત બનીએ તેમ કચ્છ લોકસભા ભાજપના ઉમેદવાર અને વર્તમાન સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું.

ભારત વિશ્વના સૌથી યુવાન દેશોમાંથી એક છે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી આ જ સમય છે, આ જ યોગ્ય સમય છે કહીને ૨૦૪૭ના સ્વર્ણિમ ભારતનો સંકલ્પ લીધો હતો. યુવા નેતતૃત્વમાં વિકાસને

## કચ્છ લોકસભાના ભાજપના ઉમેદવારે નખત્રાણા - માંડવી તાલુકાનો ખેડ્યો પ્રવાસ

પ્રાથમિકતા આપી 'મારૂં યુવા ભારત' ના રૂપમાં વિશાળ પ્લેટફોર્મ આપ્યું છે તેમ શ્રી ચાવડાએ જણાવ્યું હતું.

માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ જણાવ્યું હતું કે, ભારત સરકાર - ગુજરાત સરકારના પૂર્ણ સહયોગ સાથે અને સતત લોકસંપર્કમાં રહી વિનોદભાઈએ કચ્છ લોકસભા વિસ્તારના અનેક પ્રશ્નોના નિરાકરણ માટે તત્પર રહ્યા છે કચ્છના રેલ્વે સ્ટેશનોએ વોટર કુલર, રમત-ગમત મેદાન સુધારણા, કારીગર કોમન વર્ક શેડ, સાંસ્કૃતિક હોલ, નાના બાળકો માટે ક્રિડાગણ, ગૌ શાળા માટે ઘાસ ગોડાઉન, રેલ્વે સ્ટેશનો અને શહેરોમાં બેન્ચ સુવિધા, ફરસબંધી, સીસી રોડ, પાણી માટેના આર.ઓ. પ્લાન્ટ, વ્હીલચેર, દિવ્યાંગોને જર્મન ટેકનોલોજીના હાથ-પગ, ડસ્ટબિન, પૂર સંરક્ષણ દીવાલો જેવી અનેકવિધ ગ્રાન્ટો સાંસદ સ્થાનીય વિકાસ - એમપી ફંડ અંતર્ગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. રેલ્વે, પરિવહન અને વિમાની સેવાના પ્રશ્નોમાં જાગૃતતા દાખવી છે. સરકાર તરફથી મળતી દરેક યોજનાઓનો લાભ નાનામાં નાના માણસોને અપાવ્યો છે. ઉત્સવ અને વિવિધ રમત-ગમત અભિયાન હેઠળ ૨,૭૮,૦૦૦ થી વધુ લોકોએ લાભ અને ભાગ લીધો છે.

વિનોદભાઈએ નખત્રાણા તાલુકાના સુખપર (રોહા) ગામ ખાતે સહજાનંદ શતાબ્દી મહોત્સવ પ્રસંગે હાજરી આપી નરનારાયણ ગાદીના ગાદીપતિ પ.પૂ.૧૦૦૮ આચાર્ય કૌશલેન્દ્ર પ્રસાદ મહારાજજી ના આશીર્વાદ મેળવ્યા હતા સાથે કથાનું શ્રવણ કર્યું હતું. ત્યારબાદ માંડવી વિધાનસભામાં માંડવી તાલુકાના બિદડા ગામે ગ્રામજનો સાથે બેઠક યોજી હતી તથા મસ્કા ગામે લોકસભા ચૂંટણી મધ્યસ્થ કાર્યલયનો શુભારંભ કર્યો હતો અને ઉપસ્થિત ગ્રામજનો સાથે સંવાદ કયો હતો.

આ ચૂંટણી પ્રવાસ દરમ્યાન માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ અશોકભાઈ હાથી, જિલ્લા પંચાયત સદસ્ય કેશવજીભાઈ રોશિયા, માંડવી તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ સંઘાર, બિદડા અને મસ્કા ગ્રામ પંચાયતના હોદ્દેદારો, તાલુકા પંચાયતના સભ્યો, પાર્ટી આગેવાનો સાથે કાર્યકર્તાઓ જોડાયા હતા.

# દેશનો વિકાસ અને પ્રગતિ એ ભાજપની પ્રતિબદ્ધતા : શ્રી ચાવડા

## કચ્છ લોકસભાના ભાજપના ઉમેદવાર મોરબી તાલુકામાં કર્યો પ્રચાર



ભુજ : સેવા, સુશાશન, ગરીબ કલ્યાણ અને અટલ દ્રઢ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વના મુખ્ય પાંચ મુદ્દા છે. ગુજરાતમાં નર્મદા યોજના કોંગ્રેસ શાસનમાં લટકતી હતી, જેને નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બનતા જ ૧૭ દિવસમાં જ દરવાજા લગાડવાની મંજુરી આપી દીધી હતી, જેનાથી સિંચાઈની વ્યવસ્થા તો થઇ પરંતુ સમગ્ર ગુજરાતમાં કોઇ તરસ્યું ન રહ્યું નર્મદા યોજનાને કારણે આપણે આજુબાજુના રાજયોને પણ વીજળી પહોંચાડી શકયા અને કચ્છના રણ સુધી પીવાનું પાણી પહોચતું થયું. આ એક સુશાસનનું ઉતમ ઉદાહરણ છે. કોરોના કાળમાં સમગ્ર વિશ્વની નજર વિકસિત દેશો પર હતી, પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપણા વૈજ્ઞાનિકો પર વિશ્વાસ મુકયો અને ટુંકાગાળામાં ૨૦૦ કરોડથી પણ વધુ ડોઝ દરેક નાગરીકને ફ્રી ઓફ કોસ્ટ આપવામાં આવ્યા હતા. ૧૦૦ જેટલા દેશોમાં આપણે વેક્સિન પહોંચાડીને વસુધૈવ કુટુંબકમની આપણી સંસ્કૃતિને દુનિયા સમક્ષ મુકીને સ્વીકૃતિ કરાવી કોવિડ રોગચાળા દરમ્યાન ૨૦૨૦માં ઓપરેશન સમૃધ્ધ સેતુ દ્વારા ૩૯૯૨ ભારતીયોને ઘરે લાવ્યા. યુક્રેન - રશિયા યુદ્ધને મર્યાદિત કલાકો માટે યુદ્ધને બંધ કરાવી ભારતીય વિદ્યાર્થીઓ સાથે અન્ય દેશોના ઘણા લોકોને ઘરે પહોંચાડયા છે.

માનવતાવાદી અને સમભાવ ધરાવતા વડાપ્રધાન મોદીની સરકાર "ફીર એક બાર મોદી સરકાર" સુત્રને સાર્થક કરવા આપના સાથ અને સહકારની જરૂર છે તેમ વિનોદ ચાવડાએ જણાવતા કમળના બટનને દબાવી ભાજપને વિજય બનાવવાની અપીલ કરી હતી. વિકાસની શકયતાઓ અપાર છે. તમે તેના હક્કદાર છો. ચાલો સાથે મળી વધુ ઝડપે દેશને સમૃદ્ધિ તરફ લઈ જઈએ તેમ શ્રી ચાવડાએ જણાવ્યું હતું.

કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ મોરબી વિધાનસભામાં ચૂંટણી પ્રવાસ યોજી માળીયા તાલુકા, મોરબી શહેર અને મોરબી તાલુકાના ભાજપના સૌ પાર્ટી આગેવાનો તથા મોરબી જિલ્લાના વિવિધ સમાજના અગ્રણીઓ અને સમાજના લોકો સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ મોરબી શહેરના વોર્ડ નંબર ૨, ૪, ૯ અને ૧૦માં મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ કર્યો હતો તેમજ વોર્ડ દીઠ ઉપસ્થિત સૌ નાગરિકો સાથે સંવાદ કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પોને સાકાર કરવા વધુને વધુ મતદાન કરી ભારતીય જનતા પાર્ટીને ત્રીજી વખત દેશનું સુકાન સોંપવા અપીલ કરી હતી.

વિનોદભાઈએ મોરબી ખાતે ભારત બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને હારારોપણ કર્યું તેમજ માતૃભૂમિ વંદના ટ્રસ્ટ દ્વારા આયોજીત 'શ્રી રામ સે રાષ્ટ્રકથા' પ્રસંગે હાજરી આપી કથાનું શ્રવણ કર્યું હતું.

આ ચૂંટણી પ્રવાસ દરમ્યાન મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ રણછોડભાઈ દલવાડી, મોરબીના ધારાસભ્ય કાંતિલાલભાઈ અમૃતિયા, જિલ્લા ભાજપ મહામંત્રી કે.સી. અમૃતિયા, જેઠાભાઈ આહીર, મોરબી શહેર ભાજપ પ્રમુખ લાખાભાઈ જરીયા, પાર્ટી આગેવાનો અને કાર્યકર્તાઓ જોડાયા હતા.

## સુખપર નવાવાસમાં ભાગવત જ્ઞાનયજ્ઞ કથાનો પ્રારંભ

ભુજ : સુખપર નવાવાસ તા. ૨થી ૯-૫ ભાગવત કથાનું આયોજન વક્તા, આંતરરાષ્ટ્રીય કથાકાર ધ્રુવકુમાર શાસ્ત્રી (ઓમ સંસ્કારધામ ભુજવાળા) સંગીતમય શૈલીમાં કથામૃતનું રસપાન કરાવાશે. મુખ્ય યજમાનપદે પુરબાઈ વિ. વરસાણીનું સમસ્ત પરિવાર યજમાન પદે રહેશે. કથાનો સમય સવારે ૯ થી ૧૨ રહેશે. સમસ્ત પિતૃઓના મોક્ષાર્થે તેમજ શાંત સુખાય ભાવ સાથે શુભ આયોજન કરેલ છે.

# ભાજપના ઉમેદવારનું ઝરપરા ખાતે કાર્યાલય ખુલ્લું મુકાયું




મુંદરા : લોકસભા ચૂંટણી અંતર્ગત મુંદરા તાલુકાના ઝરપરા ગામ મધ્યે કચ્છ લોકસભા વિસ્તારના લોકપ્રિય ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના સમર્થનમાં ચુંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન અને જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદ, માંડવી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય અનિરૂદ્ધભાઇ દવે, મહામંત્રી ધવલભાઈ આચાર્ય, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, કચ્છ જિલ્લા ભાજપના મંત્રી વાલજીભાઈ ટાપરિયા, મુંદરા તાલુકા પંચાયત પ્રમુખ મહિપતસિંહ જાડેજા, મુંદરા તાલુકા ભાજપના પ્રમુખ વિશ્રામભાઈ ગઢવી, ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડા, મુંદરા તાલુકા ભાજપના મહામંત્રી કીર્તીભાઈ ગોર, રવાભાઈ આહીર, ભુજ શહેર ભાજપ પ્રભારી માણેકભાઈ ગઢવી, જિલ્લા પંચાયતના સદસ્ય મહેન્દ્રભાઈ ગઢવી,તાલુકા પંચાયતના સદસ્યો, જિલ્લા પંચાયત સદસ્યો, વિવિધ મોરચાના હોદ્દેદારો, વિવિધ ગામના સરપંચો અને ગ્રામ પંચાયતના સભ્યો ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે કચ્છના સાંસદ, પ્રદેશ ભાજપના મહામંત્રી અને કચ્છ જિલ્લા લોકસભાના વિસ્તારના લોકપ્રિય ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને જંગી બહુમતીથી વિજય બનાવવા કાર્યકર્તાઓને આહવાન કરવામાં આવ્યું હતું.

# સમાજના અંતિમ પાયદાન પર ઉભેલા માનવીની સેવા એ જ મારો ધ્યેય : વિનોદભાઇ

## માંડવી તાલુકામાં ભાજપના ઉમેદવારનું કાર્યાલયનું ઉદઘાટન કરાયું જયારે માંડવી શહેરમાં ભવ્ય રોડ શો યોજાયો






ભુજ : ભાજપના ઉમેદવાર વિનોદભાઈએ માંડવી વિધાનસભામાં વિસ્તારમાં મોટી રાયણ, શિરવા અને મોટા લાયજા ગામ મધ્યે ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન કર્યું હતું અને ગ્રામજનો સાથે સાથે સંવાદ કર્યો હતો. ત્યારબાદ માંડવી શહેર મધ્યે આયોજિત ભવ્યાતિભવ્ય રોડ શોમાં નગરજનોએ વિનોદભાઈનો અભિવાદન કર્યું હતું. આ રોડ-શો કાંઠા વિસ્તાર પંડિત શ્યામજી કૃષ્ણ પ્રતિમાથી દરીયાસ્થાન મંદિર થઈ કે.ટી. શાહ રોડ મુખ્ય બજાર, ભીડ બજાર થઈ આઝાદ ચોક સુધી યોજાયો હતો.

ભારત વિશ્વનો સૌથી મોટો યુવા ટેલેન્ટ ધરાવતો દેશ છે. ભારત મધર ઓફ ડેમોક્રેશી છે. આખી દુનિયા એક પરિવાર છે. આપણા સબંધો પરસ્પર વિશ્વાસ અને સન્માન પર ટકેલા છે. તેમ જણાવતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે, સમય એવો હતો જયારે દેશની જનતા જીવનની પ્રાથમિક સુવિધા માટે તડપતી હતી. સુવિધાઓની ગેરહાજરીને પોતાનું ભાગ્ય સ્વીકારી લીધું હતું. મોટાભાગના લોકોએ સ્વીકાર્યું હતું કે, જે ઝુપડપટ્ટીમાં જન્મે છે. તેમની આવનારી પેઢીઓ પણ તે કરશે. પરંતુ છેલ્લા ૧૦ વર્ષના શાસનમાં દેશ હવે આ નિરાશામાંથી બહાર આવી રહ્યો છે. આજે આપણી સરકાર દરેક અભાવને દૂર કરી દરેક વિકાસ વંચિતો સુંધી પહોચી રહી છે. ભારત નવ નિર્માણ તરફ આપણે અગ્રેસર છીયે ફીર એક બાર મોદી સરકાર આગામી પાંચ વર્ષમાં દરેક સંકલ્પો પૂરા કરવાના છે. તેમ કચ્છ લોક સભા ભાજપા ઉમેદવાર વિનોદભાઇ ચાવડાએ જણાવ્યુ હતું. વધુમાં જણાવ્યું હતું કે, ભાજપનો કાર્યકર્તા હમેશા લોકોની વચ્ચે જીવતો કાર્યકર છે. એટલે જ આપણે માત્ર ચુંટણી વખતે જ નાગરિકો પાસે જઈયે એવો આપણો સ્વભાવ નથી. નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની સરકારની દશ વર્ષની સફળતાની બાબતો જન જન સુંધી લઈ જવા આપણે સદૈવ જનતા વચ્ચે જઈયે છીયે અને એટલે જ તેઓની સાથે નાતો વધુ મજબુત અને લાગણીભર્યા સબંધ બધાય છે. કેન્દ્ર અને રાજયો સરકારોના સુશાસનની સફળતાએ પ્રત્યેક ક્ષેત્રમાં એટલી જ છે કે ભાજપના કાર્યકર્તા તરીકે આપણે આનંદ અને ગૌરવભેર લોકો પાસે સરકારની સફળતાના માપદંડ જનતાને જણાવી શકીએ છીયે તેમ વિનોદભાઇ ચાવડાએ જણાવ્યુ હતું. વિકસિત ભારતના સ્વપ્નદ્રષ્ટા અને ભારતને સ્વનિર્ભર બનાવવાનો મંત્ર આપનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની આગવી રાજનિતી અને દૂરંદેશી નિર્ણયો થકી ભારત આજે દુનિયાની નજરમાં વિશ્વ ફલક પર છે. ત્યારે તેમના પ્રત્યે આ અપાર જનચાહના અને આ વિશાળ જનમેદની ભારતીય જનતા પાર્ટીના પ્રચંડ વિજયનો શુભ સંકેત છે. તેમજ કચ્છ લોકસભાની જનતા "ફિર એક બાર મોદી સરકાર" ના સંકલ્પને સિદ્ધ કરી શ્રી મોદીને ત્રીજી વખત પ્રધાનમંત્રી બનાવવા માટે કટિબદ્ધ છે તેવું જીલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું. વિનોદભાઈએ માંડવી તાલુકાના વાંઢ ગામ મધ્યે શ્રી સમસ્ત ક્ષત્રિય સંગાર સમાજ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પ્રસંગે હાજરી આપી એવમ કથાનું શ્રવણ કર્યું હતું તથા માંડવી શહેર મધ્યે માંડવીના સપુત અને આઝાદીની લડાઈમાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર ક્રાંતિગુરૂ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માજીની પ્રતિમાને હારારોપણ કર્યું અને રોડ-શો પૂર્ણ થયા બાદ માંડવીના સલાયા વિસ્તારમાં મુસ્લિમ સમાજના સૌ અગ્રણીઓ અને સમાજનાં લોકો સાથે બેઠક યોજી મતદાન કરવા અપીલ કરી હતી.

ચુંટણી પ્રવાસ દરમ્યાન જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે, માંડવી નગરપાલિકા પ્રમુખ હરેશભાઈ વિંઝોડા, કારોબારી ચેરમેન વિશાલભાઈ ઠક્કર, માંડવી તાલુકા પંચાયતનાં પ્રમુખ કેવલભાઈ ગઢવી, માંડવી શહેર ભાજપ પ્રમુખ દેવાંગભાઈ દવે, મહામંત્રી કિશનસિંહ જાડેજા, કમલેશ ગઢવી, માંડવી તાલુકા ભાજપ પ્રમુખ, જિલ્લા પંચાયત સદસ્ય, જીલ્લા ભાજપ અનુ. જાતિ મોરચાના પ્રમુખ અશોક હાથી, કચ્છ લોકસભાના પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, કે.ડી.સી.સી. બેંકના ચેરમેન દેવરાજભાઈ ગઢવી, પાર્ટી આગેવાનનો, માંડવી નગરપાલિકાના હોદ્દેદારો - સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, પાર્ટી આગેવાનો, કાર્યકર મિત્રો અને નગરજનો જોડાયા હતા.

## રાપરના મોડામાં જુગાર રમતા ચાર ખેલી ઝડપાયા

રાપર : તાલુકાના મોડા ગામે ધીરજભાઈ લાધાભાઈ ભટ્ટીના મકાનની આગળ ખુલ્લા પ્લોટમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે આડેસર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા ધીરજભાઈ ઉપરાંત હારૂનભાઈ હુશેનભાઈ ઓઠા, સવાભાઈ શંકરભાઈ મોરવાડીયા અને મનસુખભાઈ દલીચંદભાઈ મહેતા જુગાર રમતા મળી આવ્યા હતા. જેઓ પાસેથી રોકડા રૂા.૧૦,૬૦૦ કબજે કરી પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગાંધીધામના ગણેશનગરમાંથી હર્બલ શિરપની બોટલો ઝડપાઈ

ગાંધીધામ : હર્બલ શિરપના નામે જિલ્લામાં આલ્કોહોલનું વેચાણ થઈ રહ્યું છે ત્યારે પોલીસ દ્વારા સમ્યાંતરે કાર્યવાહી કરવામાં આવે છે. જે અંતર્ગત ગાંધીધામના ગણેશનગરમાં મચ્છીમાર્કેટ પાસે આવેલ જય ચામુંડા સ્ટોરમાં બી-ડિવિઝન પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દુકાનમાં ગેરકાયદે રીતે આલ્કોહોલ જેવું શંકાસ્પદ પ્રવાહી હર્બલ ટોનીકની બોટલોમાં ભરી વેચાતું હોવાની બાતમી હતી. જેથી તપાસ કરતા દુકાનમાંથી હર્બલ ટોનીકની કુલ ૬૭ બોટલ કિંમત રૂા.૮,૬૧૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જે કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**SURYASTRA SUPERMARKET LLP**
Regd Office : Duplex No. 10, Plot No. 07, Sector 01 Gandhidham, Kachchh, Gujarat-370201
LLPIN: ABZ-0736 E-mail ID: Vibhanushali2894@gmail.com

**એલએલપીની રજિસ્ટર્ડ ઓફિસને એક રાજયમાંથી બીજા રાજયમાં બદલવા માટે અખબારમાં જાહેરખબર પ્રકાશિત કરવી કેન્દ્ર સરકાર સમક્ષ**

રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, ગુજરાત
પેટા કલમ (3) કલમ 13 ની બાબતમાં લિમિટેડ લાયબિલિટી એક્ટ પાર્ટનરશિપ, 2008 અને લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ રૂલ્સ, 2009 ના નિયમ 17 અને

SURYASTRA SUPERMARKET LLP (LLPIN- ABZ-0736) ડુપ્લેક્સ નંબર-10, પ્લોટ નંબર-07, સેક્ટર-01, ગાંધીધામ, કચ્છ, ગુજરાત-370201 ખાતે તેની નોંધાયેલ ઓફિસ ધરાવતી બાબતમાં આથી સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે SURYASTRA SUPERMARKET LLP, LLP એક્ટ, 2008ની કલમ 13(3) હેઠળ કેન્દ્ર સરકારને અરજી કરવાની દરખાસ્ત કરે છે અને તેની નોંધાયેલ ઓફિસને 'ગુજરાત રાજ્ય' માંથી 'ઉત્તર પ્રદેશ રાજ્ય' માં બદલવાની પરવાનગી માંગે છે એલએલપીની રજિસ્ટર્ડ ઓફિસના સૂચિત ફેરફારથી જેમના હિતને અસર થવાની સંભાવના છે તે કોઈપણ વ્યક્તિ રોકાણકારની ફરિયાદ ફોર્મ ફાઈલ કરીને એમસીએ-21 પોર્ટલ (www.mca.gov.in) પર ડિલિવરી કરી શકે છે અથવા પહોંચાડવાનું કારણ આપી શકે છે અથવા મોકલી શકે છે. તેમની/તેણીના વાંધાઓની નોંધાયેલ પોસ્ટ દ્વારા એક એફિડેવિટ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. જેમાં તેમના હિતના પ્રકાર અને રજિસ્ટ્રાર ઑફ કંપનીઝ ગુજરાત સામેના વિરોધનું કારણ જણાવવામાં આવ્યું છે.

અરજદાર નીચે દર્શાવેલ સરનામે તેની નોંધાયેલ ઓફિસમાં એલએલપીઃ ડુપ્લેક્સ નંબર 10, પ્લોટ નંબર 07, સેક્ટર 01 ગાંધીધામ, ગાંધીધામ, કચ્છ, ગુજરાત- 370201 માટે અને બોર્ડ વતી સૂર્યશાસ્ત્ર સુપરમાર્કેટ એલએલપી sd/- વિજય લીલાધરભાઈ ભાનુશાલી નિયુક્ત ભાગીદાર DIN: 08807419.

તારીખ : 26/04/2024
સ્થળ : ગુજરાત

**SURYASTRA SUPERMARKET LLP**
Regd Office : Duplex No. 10, Plot No. 07, Sector 01 Gandhidham, Kachchh, Gujarat-370201
LLPIN: ABZ-0736 E-mail ID: Vibhanushali2894@gmail.com

Advertisement to be published in the newspaper for the change in registered office of the LLP from one State to another

BEFORE THE CENTRAL GOVERNMENT
REGISTRAR OF COMPANIES, GUJARAT
In the matter of sub-section (3) Section 13 of the Limited Liablity ActPartnership, 2008 and Rule 17 of the Limited Liablity Partnership Rules, 2009
AND

In the matter of SURYASTRA SUPERMARKET LLP (LLPIN-ABZ-0736) having its registered office at Duplex No. 10, Plot No. 07, Sector 01 Gandhidham,Kachchh, Gujarat- 370201

Notice is hereby given to the General Public that SURYASTRA SUPERMARKET LLP, proposes to make application to the Central Government under section 13(3) of the LLP Act, 2008 seeking Permission to change its Registered Office from "State of Gujarat" to the "State of Uttar Pradesh".

Any person whose interest is likely to be affected by the proposed change of the registered office of the LLP may deliver either on the MCA-21 portal (www.mca.gov.in) by filing investor complaint form or cause to be delivered or send by registered post of his/her objections supported by an affidavit stating the nature of his/her interest and grounds of opposition to the Registrar of Companies Gujarat within Twenty one (21) days of the date of publication of this notice with a copy to the applicant LLP at its registered office at the address mentioned below:

Duplex No. 10, Plot No. 07, Sector 01 Gandhidham, Kachchh, Gujarat- 370201

For and on behalf of Board of
SURYASTRA SUPERMARKET LLP
Sd/- VIJAY LILADHARBHAI BHANUSHALI
Designated Partner,
DIN:08807419
Date: 26/04/2024, Place:Gujarat

**નામદાર શ્રી સિવિલ જજ સાહેબ ની કોર્ટ (જે.એમ.એફ.સી.)**
**મું. ગાંધીધામ-કચ્છ.**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. ........... વાદી.
વિ.
કે.નંદલાલ ........... પ્રતિવાદી.

**વાદીના વકીલ :- શ્રી એ. બી. બુધ્ધભટી**

આથી આ જાહેર સમન્સ થી પ્રતિવાદીને જાણ કરવામા આવે છે કે ઉપરોકત વાદી કંપીનીએ અત્રેની કોર્ટમાં નીચે શીડીયુલમાં જણાવેલ વિગતે દિવાની દાવો દાખલ કરેલ છે જે દાવા કામે આવતી તારીખ કોલમ ન.૪ માં **જણાવ્યા મુજબ** મુકરર કરવામા આવેલ છે, જે તારીખે સવાર ના ૧૦ : ૩૦ કલાકે પ્રતિવાદી જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં હાજર થઈ જવાબ રજૂ કરવા જણાવવામાં આવે છે. તેમ છતા જાહેર સમન્સમાં જણાવેલ તારીખે નામદાર કોર્ટમાં હાજર થવા કસુર કરશો તો સદરહુ દાવા કામે પ્રતિવાદી વિરૂધ, તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી યોગ્ય હુકમ કરવામા આવશે. જેની સ્પષ્ટ નોધ લેવી.

| ક.નં. | રે.દિ.દા.ન. | પ્રતિવાદી નામ અને સરનામુ | રકમ | મુદત તા. |
|---|---|---|---|---|
| ૧. | ૧૮૬/૨૦૨૩ | કે.નંદલાલ ડી.બી.ઝેડ.નોર્થ, પ્લોટ નં. ૧૩૯-એ, ગાંધીધામ-કચ્છ | ૧૯,૯૯૦.૭૧/- | ૦૮/૦૫/૨૦૨૪ |

આજ તારીખ ૨૬ માહે એપ્રિલ- ૨૦૨૪ નાં રોજ મારી સહી સિકકો કરી આપ્યો

તૈયાર કરનાર — (કે.પી. ગુર્જર) આસીસ્ટન્ટ અધિક.સિવિલ જજની કોર્ટ-ગાધીધામ
મુકાબિલ કરનાર — (વી.ડી.મહેશ્વરી) સુપ્રિટેન્ડેન્ટ અધિક.સિવિલ જજની કોર્ટ-ગાધીધામ
કોર્ટનું સીલ
આદેશથી — (એમ.ટી. દવે ) I/c રજીસ્ટારશ્રી પ્રિન્સીપાલ સિનિયરસિવિલ જજ ની કોર્ટ-ગાધીધામ

**પ્રાર્થનાસભા**



અમારા પરિવારના વટવૃક્ષ સમાન **શ્રી વિનોદચંદ્ર બાલકિશન અગ્રવાલ** ઉ.વર્ષ ૭૧, સ્વ. તા.૦૧/૦૫/૨૦૨૪ ના રોજ રામ શરણ પામ્યા છે.

**સ્વ. વિનોદચંદ્ર બાલકિશન અગ્રવાલ (બાબુભાઈ)**
ઉ.વર્ષ ૭૧, સ્વ. તા.૦૧/૦૫/૨૦૨૪
(સત્કાર હોટેલ - ગાંધીધામ વાળા)

સદગતની પ્રાર્થનાસભા ભાઈઓ તથા બહેનો માટે તા. ૦૩/૦૫/૨૦૨૪ શુક્રવાર સાંજે ૫:૦૦ થી ૬:૦૦ કલાકે શ્રી અંબાજી મંદિર, ઓસ્લો સેકટર-૪, ગાંધીધામ મુકામે રાખેલ છે.

**શોકાતુર પરિવારજનો**
- ડો. ભરતભાઈ અગ્રવાલ - ભાઈ
- ઊમંગ અગ્રવાલ, હેમાંગ અગ્રવાલ - પુત્રો
- પ્રશાંત અગ્રવાલ, નિશાંત અગ્રવાલ - ભત્રીજાઓ

**તથા સમસ્ત અગ્રવાલ પરીવાર**

સંબધિત ફર્મ :- • હોટેલ સત્કાર • હોટેલ ચંદન, ગાંધીધામ • શ્રીજી ઓર્ગેનિક્સ, ગાંધીધામ

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**
સુધારો
ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/ADI/ 05(24-25). તા.23.04.2024 ના નીચે જણાવેલ ટેન્ડર માટે સુધારો. ટેન્ડર નં. EL-50-1-ADI-T-13-2024-25. કામનું નામ ADSA ગ્રાઉન્ડ સાબરમતીના અપ ગ્રેડેશનના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. નોંધનીય ફેરફારોઃ 1. સિવિલ એન્જીનિયરીંગનું કામ ઉમેરવામાં આવ્યું 2. LED ફ્લડ લાઈટ કલર રેન્ડરીંગ (Ra):>80. 3. જાહેરાત મૂલ્ય (રૂા.): 1,28,31,319.23 4. અર્નેસ્ટ મની (રૂા.): 2,14,200.
ADI-015
અમને ફોલો કરો twitter.com/WesternRly

